Thursday, 17 September 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક


# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૬૭ ● સંવત-૨૦૮૨ ભાદરવા સુદ છઠ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



આપના સપનાને ઉડાન આપો, આકાશની ઊંચાઈઓને સ્પર્શો, આપનું જીવન સફળ બનાવો.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

## તંત્રી સ્થાનેથી...

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સેવા સુશાસન અને સમર્પણઃ દાનહ અને દમણ-દીવ માટે ચિરંજીવી સંભારણું

### પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવની એક સ્નેહી સ્વજન તરીકે લેવામાં આવી રહેલી અંગત તકેદારી

દેશના યશસ્વી પ્રધાનમંત્રી અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ૧૭મી સપ્ટેમ્બરથી ૧૭મી ઓક્ટોબર સુધી સેવા, સુશાસન અને સમર્પણના પર્વ તરીકે સમગ્ર દેશ ઉજવવા જઈ રહ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રીથી લઈ પ્રધાનમંત્રી સુધીની સફરમાં અમલમાં લાવેલા સુશાસનના પણ ૨૫ વર્ષ પૂર્ણ થયા છે અને ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારથી લઈ પ્રધાનમંત્રી તરીકેના અત્યાર સુધીના ૨૫ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવની પણ સ્નેહી સ્વજન તરીકે તકેદારી લીધી છે.



**શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૧૧ના વર્ષમાં દાદરા નગર હવેલી ખાતે સરકારી કોલેજની સ્થાપના માટે વિકટ બનેલા એફિલિએશનના પ્રશ્નો ગુજરાત યુનિવર્સિટી સાથે સફળ એફિલિએશન કરાવી ઉકેલ લાવવા મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.** કારણ કે, તે વખતે સ્થાનિક કોંગ્રેસના વગદાર નેતાઓ દાદરા નગર હવેલીમાં સરકારી કોલેજ શરૂ થાય તેવું તેઓ ઈચ્છતા નહિ હતા.

**દીવની પાણીની સમસ્યાના ઉકેલ માટે પણ મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખુબ જ ઉદારતા બતાવી હતી. જેના ફળસ્વરૂપ રાવળ ડેમનું પાણી દીવ જિલ્લામાં પહોંચી શક્યું હતું.** તેમણે દાનહ અને દમણ-દીવને સ્પર્શતા અનેક મુદ્દાઓમાં ખુબ જ સંવેદનશીલ અભિગમ અપનાવી આ ટચૂકડા કેન્દ્રશાસિત પ્રદેશના લોકોને અન્યાય નહિ થાય તે માટે એક સ્વજન જેવી અંગત કાળજી પણ લીધી હતી.

પ્રધાનમંત્રી બન્યા બાદ છેલ્લા ૧૨ વર્ષમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવની બદલાયેલી સકલ અને સૂરત દરેકની સામે છે. શિક્ષણ, આરોગ્ય, માળખાગત સુવિધા, સામાજિક સુરક્ષાથી લઈ લોકોની વિચારશક્તિમાં પરિવર્તન લાવવાનું પણ અભૂતપૂર્વ કામ થયું છે.

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દાદરા નગર હવેલી અને દમણ-દીવની વાસ્તવિક સ્થિતિથી પરિચિત હોવાના કારણે તેમણે અમલદારશાહીના જોડાયેલા નેટવર્કને નાથવા માટે દીર્ઘદૃષ્ટિ ધરાવતા રાજનીતિજ્ઞ એવા શ્રી પ્રફુલભાઈ પટેલની પ્રશાસક તરીકે નિયુક્તિ કરી એક કાંકરે અનેક અનિષ્ટોનો સંહાર કર્યો છે. કારણ કે, પહેલાં મોટાભાગે ઉચ્ચ અધિકારીઓ સાથે ચૂંટાયેલા કેટલાક લોક પ્રતિનિધિઓ, લેન્ડ અને લીકર માફિયાઓ તથા એજન્ટોની જુગલબંધી રહેતી હતી. જેના કારણે ઔદ્યોગિક વિસ્તારો અને પ્રદેશમાં હપ્તાખોરી અને ભાઈગીરીનો ભય વ્યાપક હતો. આ નેટવર્કને નાથવાનું કામ ખુબ જ મુશ્કેલ હતું. પરંતુ પ્રશાસક તરીકે શ્રી પ્રફુલભાઈ પટેલે અપનાવેલા તટસ્થ પ્રમાણિક અને કાર્યક્ષમ અભિગમના કારણે તેઓ પોતાના મિશનમાં મહદ્અંશે સફળ અવશ્ય રહ્યા છે, પરંતુ આ બદી સંપૂર્ણ રીતે બંધ નથી થઈ. ક્યાંક ક્યાંક નવા વેશ પરિધાનમાં ભાઈગીરી અને માફિયાગીરીના દર્શન હજુ પણ થતાં રહે છે. છતાં પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની હાક અને ધાકના કારણે આવા તત્ત્વો ઉપર અંકુશ અવશ્ય લાગેલો છે.**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ પણ વિકસિત ભારત સાથે ડગથી ડગ માંડી આગળ વધી રહ્યો છે. વિશ્વવંદનીય એવા પરમ આદરણીય યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે પરમ કૃપાળુ પરમેશ્વર તેમને દીર્ઘાયુ અને તંદુરસ્તી બક્ષી નવા ભારતના નિર્માણ માટે બળ પ્રદાન કરે અને દાદરા નગર હવેલી અને દમણ-દીવનો એક એક વ્યક્તિ ડગથી ડગ માંડી વિકસિત ભારતના નિર્માણ માટે આગળ વધે એવી 'વર્તમાન પ્રવાહ' પરિવાર દિલથી દુઆ માંગે છે.

(મુકેશ ગોસાવી)

## ખાનવેલ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે મળેલી મહત્ત્વની બેઠક

### કિસાન મોરચાની નવી જવાબદારીઓ અને સેવા સંકલ્પ અભિયાન અંગે કરાયેલી ચર્ચા







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંત પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાના માર્ગદર્શન હેઠળ ખાનવેલ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ખાનવેલ જિલ્લા ભાજપ પ્રભારી ધર્મેશસિંહ ચૌહાણ અને ખાનવેલ જિલ્લા ભાજપ પ્રમુખ એડવોકેટ સન્ની ભીમરાની હાજરીમાં એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં કિસાન મોરચાની નવી જવાબદારીઓ અને સેવા સંકલ્પ અભિયાન અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં શ્રીમતી ભારતીબેન ગોતરણા, દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ શ્રી વિનય ગિમ્બલ, શ્રી રમેશભાઈ કડુ અને વરિષ્ઠ મહિલા નેતા શ્રીમતી સુશીલાબેન ભીખુભાઈ ભીમરાની સાથે જિલ્લા ભાજપ સમિતિના સભ્યો, વિવિધ મોરચાના પદાધિકારીઓ, બૂથ સ્તરના પદાધિકારીઓ અને પક્ષના કાર્યકરો હાજર રહ્યા હતા.

બેઠક દરમિયાન સંગઠનને હજુ વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ અવસરે કિસાન મોરચા સમિતિ અને બૂથ પ્રમુખોની નિમણૂક માટેની પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી હતી.

આ સાથે જ, બેઠકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી માટે શરૂ કરવામાં આવી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી, અને આ અભિયાન હેઠળ સંગઠનાત્મક અને સેવાકીય પ્રવૃત્તિઓ અંગે પાર્ટી કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં, પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકરોને પાયાના સ્તરે સંગઠનને વધુ મજબૂત બનાવવા અને આગામી કાર્યક્રમોમાં સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા હાકલ કરવામાં આવી હતી.









## દમણમાં શ્રી માંગેલા સમાજના વોલ્યુન્ટર અને લાઈફ ગાર્ડ દ્વારા જમ્પોર બીચ અને ન્યુ લાઈટ હાઉસ બીચ ઉપર બે દિવસમાં ૪૫૦થી વધુ મૂર્તિઓનું કરાયેલું વિસર્જન





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
મોટી દમણમાં શ્રી માંગેલા સમાજના વોલ્યુન્ટર અને લાઈફ ગાર્ડ દ્વારા જમ્પોર બીચ અને ન્યુ લાઈટ હાઉસ બીચ ઉપર બે દિવસમાં ૪૫૦થી વધુ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જેના કારણે ગણેશ ભક્તોને ખુબ મોટી રાહત થઈ હતી તથા અત્યાર સુધી કોઈ અકસ્માતના બનાવ પણ નોંધાયા નથી. માંગેલા સમાજના વોલ્યુન્ટર અને લાઈફ ગાર્ડની પ્રશંસા કરવી ખુબ જરૂરી છે.






## સુવિચાર - સદ્‌વિચાર

નાના પ્રયાસો મળીને મોટું પરિણામ આપે છે

## કવિતા

### રમે છે આતમરામ ઘટ ઘટ, રમે છે

રમે છે આતમરામ ઘટ ઘટ, રમે છે આતમ રામ,
આપ તખત પર આપ નિરંજન, નકી એ દરસે તેજ,
અખંડ અભંગી આવે ને જાવે, અવિનાશી પ્રગટે સેજ.
ભ્રમર ગુફામાં ભેર જ વાગે, તે સમજે ગુરુગમ સાને,
મહેરમ મોતી મારું જ આપે, શબદ હૈ પવને પ્રગટે પાણી.
જેમાં રાત દિવસ ન ભાસે નહિ પૃથ્વી સમાન,
પવન પાણી નિગમ નહિ જેમાં, તે તો દીસે ઉનમુનિ ધ્યાન.
શબ્દ રણુંકાર સાને સમજાયે, અનહદ તેજ અપાર,
જળમળ જળમળ જ્યોત્યું પ્રગટ હૈ, નીરખો પુરુષ દેદાર.
જે નર સતગુરુ ચરણે પોંચ્યા, તેની મિટ ગઈ ચારે ખાણ,
'દાસ ડુંગર' કહે તે તો પ્રલય પામે નહિ,
તેની અલખની ફરે આણ.

- ડુંગરપુરી

## આજની જોક

**બેન (દુકાનદારને):** આ ટીવી કેટલાની ?
**દુકાનદાર :** ૫૫૦૦૦રૂાની..
**બેન :** કેમ શું વિશેષ છે. આ ટીવીમાં આટલી મોંઘી કેમ?
**દુકાનદાર :** બેન લાઈટ જાય ત્યારે ટીવી ઓટોમેટીક બંધ થઈ જાય.
**બેન :** એમ, તો પેક કરી દો...




## કબીર વાણી

**ગુરુ કી આજ્ઞા આવે, ગુરુ કી આજ્ઞા જાયૈ**
**કહે કબીર સો સંત હે, આવા ગમન નશાય..**

**-અર્થાત-**

વ્યવહારમાં સાધુએ ગુરુની આજ્ઞા પ્રમાણે આવવુ જવું જોઈએ સદગુરુ કહે છે સંત તે જ છે જે જન્મ મરણથી પાર થવા માટે સાધાન કરે.



## ચાણક્ય ઉવાચ

**કષ્ટં ચ ખલુ મુર્ખત્વં કષ્ટં ચ ખલુ યૌવનમ્**
**કષ્ટાત્કષ્ટતરં ચૈવ પરગૃહેનિવાસનમ્**

**-અર્થાત-**

મુર્ખતા કષ્ટ છે, યૌવન કષ્ટ છે, પરંતુ બીજાના ઘરમાં રહેવું એ સૌથી મોટુ કષ્ટ છે.

## આજનો દિન વિશેષ

### રવિચંદ્રન અશ્વિન


રવિચંદ્રન અશ્વિન (જન્મ ૧૭ સપ્ટેમ્બર ૧૯૮૬) એક ભારતીય ક્રિકેટર છે. તે જમણા હાથનો ઓફ સ્પિન બોલર અને નીચલા ક્રમનો બેટ્‌સમેન છે. સર્વકાલીન સૌથી સફળ સ્પિનરોમાંના એક તરીકે વ્યાપકપણે ગણવામાં આવે છે, તેમણે ભારતીય ક્રિકેટ ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને ૨૦૧૧ ક્રિકેટ વર્લ્ડ કપ અને ૨૦૧૩ ચેમ્પિયન્સ ટ્રોફી જીતનાર ભારતીય ટીમનો ભાગ હતા. તેમણે સ્થાનિક ક્રિકેટમાં તમિલનાડુ અને દક્ષિણ ઝોનનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

અશ્વિને ટેસ્ટમાં ૫૦૦થી વધુ વિકેટ લીધી છે અને ઈનિંગ્સની સંખ્યાની દ્રષ્ટિએ ૩૦૦ ટેસ્ટ વિકેટ મેળવનાર સૌથી ઝડપી બોલર હતો. તેણે મુથૈયા મુરલીધરન સાથે ટેસ્ટમાં અગિયાર મેન ઓફ ધ સિરીઝ એવોર્ડ જીત્યા છે, જે કોઈપણ ક્રિકેટર માટે સૌથી વધુ છે. ટેસ્ટ ક્રિકેટમાં ઓલરાઉન્ડર તરીકે, તે નીચે ક્રમે બેટિંગ કરે છે, છ ટેસ્ટ સદી ફટકારી છે અને ટેસ્ટમાં ૩૦૦૦ રન અને ૫૦૦ વિકેટ લેનારા ફક્ત ત્રણ ખેલાડીઓમાંનો એક છે. તે ઘણી વખત ICC પુરુષ ખેલાડી રેન્કિંગમાં સૌથી વધુ ક્રમાંકિત બોલર રહ્યો છે, અને ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય બોલર દ્વારા બીજા ક્રમાંકિત સૌથી વધુ રેટિંગ પોઈન્ટનો રેકોર્ડ ધરાવે છે.

અશ્વિને ઓપનિંગ બેટ્‌સમેન તરીકે શરૂઆત કરી હતી પરંતુ મર્યાદિત સફળતાને કારણે ક્રમ નીચે ગયો અને ઓફ-બ્રેક બોલરમાં ફેરવાઈ ગયો. તેણે ડિસેમ્બર ૨૦૦૬માં તમિલનાડુ માટે પ્રથમ શ્રેણીમાં પ્રવેશ કર્યો અને તે પછીની સીઝનમાં ટીમનું નેતૃત્વ કર્યું. તે ૨૦૧૦ ની ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) માટે રમ્યો, જ્યાં તેની આર્થિક બોલિંગને કારણે જૂન ૨૦૧૦ માં મર્યાદિત ઓવરના ફોર્મેટમાં તેનો પ્રથમ આંતરરાષ્ટ્રીય કોલ-અપ થયો. તે ૨૦૧૦ ચેમ્પિયન્સ લીગ ટ્વેન્ટી૨૦ માં અગ્રણી વિકેટ લેનાર અને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ હતો, જે CSK દ્વારા જીતી હતી. તેણે CSK સાથે ૨૦૧૪ ચેમ્પિયન્સ લીગ ટ્વેન્ટી૨૦ અને બે IPL ટાઈટલ (૨૦૧૦, ૨૦૧૧) પણ જીત્યા.

## રેસીપી : મોદક લાડું

**ગણપતિ બાપ્પાના પ્રિય રવા મોદક બનાવવાની ઝટપટ અને સરળ રીત નીચે મુજબ છે :**



**સામગ્રી :** રવો (સૂજી)-૧ વાટકી, દૂધ-૧ વાટકી પાણી, ૧/૨ વાટકીખાંડ, ૧/૨ વાટકી (સ્વાદ મુજબ)ઘી-૨ મોટી ચમચીએલચી પાવડર - ૧/ટીસ્પૂન ડ્રાયફ્રુટ્સ (કાજુ-બદામના ટુકડા)- ૧ મોટી ચમચી નાળિયેરનું છીણ-૨ મોટી ચમચી

**બનાવવાની રીત :** ૧. રવો શેકવો એક કઢાઈમાં ૧ ચમચી ઘી ગરમ કરો. તેમાં ૧ વાટકી રવો નાખીને મધ્યમ આંચ પર ગુલાબી રંગનો થાય ત્યાં સુધી ધીમા તાપે શેકો. રવો શેકાઈ જાય એટલે તેને એક વાસણમાં કાઢી લો. ૨. મિશ્રણ બનાવવું હવે તે જ કઢાઈમાં ૧ વાટકી દૂધ અને ૧/૨ વાટકી પાણી ઉમેરો. તેમાં ૧ ચમચી ઘી અને ખાંડ નાંખીને ઉકળવા દો. દૂધ ઉકળે એટલે તેમાં શેકેલો રવો થોડો-થોડો કરીને નાંખતા જાઓ અને સતત હલાવતા રહો જેથી ગાંઠ ન પડે. ૩. મિશ્રણ ઘટ્ટ કરવું તેમાં એલચી પાવડર, ડ્રાયફ્રુટ્સ અને નાળિયેરનું છીણ ઉમેરો. મિશ્રણ બધુ જ પાણી શોષી લે અને કઢાઈની કિનારી છોડવા લાગે (એકદમ ઘટ્ટ લોટ જેવું થઈ જાય) ત્યાં સુધી તેને પકાવો. પછી ગેસ બંધ કરી દો અને મિશ્રણને થોડું ઠંડુ થવા દો. ૪. મોદક આકાર આપવો,મોદક બનાવવાના સાંચા (Mold) પર થોડું ઘી લગાવો. તૈયાર કરેલા રવાના મિશ્રણને સાંચામાં ભરીને દબાવો. સાંચો ખોલીને કાળજીપૂર્વક તૈયાર થયેલા સુંદર મોદક બહાર કાઢો. તમારા બાપ્પાના ભોગ માટે સ્વાદિષ્ટ અને નરમ રવા મોદક તૈયાર છે!

---

રાજ્યભરમાં ૩૮૬ સ્થળે તપાસ, ૧૦૨ને નોટિસ

# સુરતની પી.પી. સવાણી હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ તંત્ર જાગ્યુ

**આ મામલે ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા રાજ્યવ્યાપી સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરી ૩૮૬ હોસ્ટેલ/કેન્ટીનમાં તપાસ કરી હતી**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૧૬**

સુરતની પી.પી. સવાણી હોસ્ટેલ ખાતે તાજેતરમાં બનેલી ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ તંત્ર જાગ્યું છે. વિદ્યાર્થીઓ અને નાગરિકોના આરોગ્યની સુરક્ષાન ધ્યાનમાં રાખી આરોગ્ય મંત્રીએ રાજયભરમાં હોસ્ટેલ અને કેન્ટીનની સઘન તપાસ હાથ ધરવા ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્રને સૂચના આપી હતી. આ મામલે ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા રાજયવ્યાપી સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરી ૩૮૬ હોસ્ટેલ/કેન્ટીનમાં તપાસ કરી હતી. જેમાંથી ૧૦૨ને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારી છે.

હોસ્ટેલ/કેન્ટીનમાં સઘન ચેકિંગ, તપાસ કરેલી હોસ્ટેલ/કેન્ટીનની સંખ્યાઃ ૩૮૬, સરકારીઃ ૧૦૦

અર્ધસરકારીઃ ૭૧, પ્રાઈવેટઃ ૨૧૩, ઈમ્પ્રુવમેન્ટ નોટીસની સંખ્યાઃ ૧૦૨, નમુનાની સંખ્યાઃ ૧૯૪, સ્વંયભુ બંધઃ ૧૮, લાઈસન્સ સસ્પેન્ડઃ ૨

તપાસ દરમિયાન જયાં સ્વચ્છતા, ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તા સંબંધિત ખામીઓ જણાઈ ત્યાં સંચાલકોને જરૂરી સુધારાત્મક પગલાં લેવા ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી હતી. ઉપરાંત, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે ૧૯૪ નમૂનાઓ પણ લેવામાં આવ્યા છે, જેની વધુ તપાસ અને વિશ્લેષણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્રે જણાવ્યું કે, રાજયના નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે તંત્ર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનાર, ભેળસેળિયા તેમજ કાયદા વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા અસામાજિક તત્ત્વો સામે આગામી સમયમાં પણ આવી જ સઘન અને કડક કાયદેસરની કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે.

---

ફાયર વિભાગના અધિકારી સામે ACB ટ્રેપ

# ચૂંટણીના માહોલ વચ્ચે ફાયર વિભાગમાં ACBનો સપાટો

**ફરિયાદના આધારે ACBએ છટકું ગોઠવી ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશ પટેલને રૂ.૨૦ હજારની લાંચ સ્વીકારતા ઝડપી પાડ્યા છે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર,તા.૧૬**

ગાંધીનગર મહા નગર પાલિકાના ફાયર વિભાગમાં લાંચના મામલે એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ કાર્યવાહી કરી છે. ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશ પટેલને રૂ.૨૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હોવાની માહિતી સામે આવી છે.

મળતી પ્રાથમિક માહિતી મુજબ, ફાયર વિભાગ સાથે જોડાયેલા કામ માટે લાંચની માંગણી કરવામાં આવી હતી.

ફરિયાદના આધારે ACBએ છટકું ગોઠવી ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેશ પટેલને રૂ.૨૦ હજારની લાંચ સ્વીકારતા ઝડપી પાડ્યા છે.ગાંધીનગર મનપાની ચૂંટણી જાહેર થવાના માહોલ વચ્ચે ફાયર વિભાગમાં ACBની કાર્યવાહીથી વહીવટી તંત્રમાં ચર્ચા તેજ બની છે.

જોકે, લાંચ કયા કામ માટે માંગવામાં આવી હતી અને ટ્રેપની સંપૂર્ણ વિગતો અંગે ACBની સત્તાવાર માહિતીની રાહ જોવાઈ રહી છે. આ મામલે ACBએ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.

---

સિવિલ હોસ્પિટલમાં મોટો વિવાદ

# ફ્રી સુવિધા છતાં દર્દીઓના બ્લડ સેમ્પલ ખાનગી લેબમાં મોકલાયાનો આક્ષેપ

**આ સમગ્ર મામલે હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ફરજ બજાવતા ડોક્ટરોની ભૂમિકા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૧૬**




એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના બ્લડ ટેસ્ટને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. સિવિલ હોસ્પિટલમાં તમામ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ તબીબી પ્રોટોકોલ મુજબ નિઃશુલ્ક (ફ્રી) થતા હોવા છતાં, દર્દીઓના બ્લડ સેમ્પલ બહારની ખાનગી લેબમાં મોકલવામાં આવી રહ્યા હોવાના સળગતા આક્ષેપો સામે આવ્યા છે. આ સમગ્ર મામલે હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ફરજ બજાવતા ડોક્ટરોની ભૂમિકા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

મળતી વિગતો અનુસાર, સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલ ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ પાસેથી ખાનગી લેબમાં ટેસ્ટ કરાવવાના નામે નાણાં વસૂલવામાં આવ્યા હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

એટલું જ નહીં, એક જ દર્દીના બે-બે વખત બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હોવાનો દાવો પણ પીડિત પક્ષ દ્વારા કરાયો છે. સરકારી સુવિધાઓ પર્યાપ્ત હોવા છતાં દર્દીઓને ખાનગી લેબમાં ધકેલીને આર્થિક રીતે હેરાન કરવામાં આવી રહ્યા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

આ સમગ્ર ગેરરીતિ અને ખાનગી લેબ સાથેના કમિશન સેટિંગની આશંકા સામે પીડિત દર્દી અને તેમના પરિવારજનોએ હોસ્પિટલ પ્રશાસન તેમજ રાજ્યના આરોગ્ય વિભાગ સમક્ષ તટસ્થ અને સઘન તપાસની માંગ કરી છે. ડોક્ટરો અને ખાનગી લેબોરેટરીઓ વચ્ચે કોઈ આંતરિક મિલીભગત છે કે કેમ તે દિશામાં યોગ્ય પગલાં લેવાની માંગ ઉઠી છે. આ વિવાદ સામે આવ્યા બાદ સિવિલ હોસ્પિટલ પ્રશાસન અને ટ્રોમા સેન્ટરના સ્ટાફમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

---

૧૧ ઓક્ટોબરના મતદાન અને ૧૩ ઓક્ટોબરે મતગણતરી

# ગાંધીનગર મનપા અને ત્રણ નગરપાલિકાની ચૂંટણી જાહેર

**વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ખાલી પડેલી બેઠકોની સામાન્ય અને પેટાચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કર્યો**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર,તા.૧૬**



રાજ્ય ચૂંટણી આયોગના કમિશનર ડૉ. એસ. મુરલી કૃષ્ણને એક મહત્ત્વપૂર્ણ પત્રકાર પરિષદ યોજીને ગાંધીનગર મહાનગરપાલિકા સહિત થરા, ઓખા અને ભાણવડ નગરપાલિકા તેમજ વિવિધ સ્થાનિકસ્વરાજ્યની સંસ્થાઓની ખાલી પડેલી બેઠકોની સામાન્ય અને પેટાચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કર્યો છે. આ જાહેરાતની સાથે જ સંબંધિત વિસ્તારોમાં તાત્કાલિક અસરથી આદર્શ આચારસંહિતા અમલી બની ગઈ છે.

ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે અગાઉ ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કર્યા બાદ ૧૪ સપ્ટેમ્બરના રોજ આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરી દેવામાં આવી હતી. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા EVM (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન) મારફતે પાર પાડવામાં આવશે. સુરક્ષા માટે ૧૩૦૦થી વધુ પોલીસ સ્ટાફની તૈનાતી વચ્ચે સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી કુલ ૪૧૩ મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા હાથ ધરાશે. ગાંધીનગર મનપા ક્ષેત્રમાં કુલ ૨,૫૯,૪૪૩ નોંધાયેલા મતદારો (૧,૩૨,૨૮૫ પુરુષ, ૧,૨૭,૧૪૯ મહિલા અને ૯ અન્ય) ૨૯૫ બુથ પર મતદાન કરશે. મનપાની ૪૪ બેઠકોમાંથી ૫૦% એટલે કે ૨૨ બેઠકો મહિલાઓ માટે અનામત રખાઈ છે. આ ઉપરાંત ૧૨ OBC, ૫ SC, ૧ ST અને ૧૩ સામાન્ય બેઠકો જાહેર કરાઈ છે. ગત ચૂંટણીમાં ૪૪ માંથી ૪૧ બેઠકો સાથે ભાજપે સત્તા મેળવી હતી, જ્યારે કોંગ્રેસને ૨ (જે પાછળથી ભાજપમાં જોડાયા) અને આપને ૧ બેઠક મળી હતી.

તારીખ મુજબ ૨૧ સપ્ટેમ્બરે નોટિફિકેશન જારી થશે, ૨૬ સપ્ટેમ્બર સુધી ફોર્મ ભરાશે અને ૨૯ સપ્ટેમ્બર સુધી ફોર્મ પરત ખેંચી શકાશે. ૧૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મતદાન, જરૂર પડે તો ૧૨મીએ પુનઃ મતદાન અને ૧૩ ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે.

---

લો પ્રેશર અને મોન્સૂન ટ્રફની અસર

# બે દિવસ ભારે વરસાદ સાથે પવન ફૂંકાવાની શક્યતા

**હવામાન વિભાગે બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે : રાજ્યમાં હજુ ૯ ટકા વરસાદની ઘટ**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૧૬**



રાજ્યમાં ફરી વરસાદનું જોર ઘટી ગયું છે. છેલ્લા બે દિવસથી ઓછો વરસાદ પડ્યો છે. તેવામાં હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હવામાન કેવું રહેશે તેની આગાહી કરી છે.

ગુજરાતમાં આગામી સાત દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી વચ્ચે હવામાન વિભાગે બે દિવસ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. લો પ્રેશર અને મોન્સૂન ટ્રફની અસરથી પવન, ગાજવીજ અને વાવાઝોડા સાથે વરસાદ વરસશે.

આ દરમિયાન ૪૫થી ૫૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. હવામાન વિભાગે બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે. રાજ્યમાં હજુ પણ ૯ ટકા વરસાદની ઘટ છે, ત્યારે મેઘમહેરથી વરસાદની ઘટ પૂરી થવાની આશા જાગી છે.

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. ત્યારબાદ રાજ્યમાં વરસાદનું જોર ઘટી શકે છે અને હળવો વરસાદ પડી શકે છે

આ સાથે બંગાળની ખાડીમાં નવી સિસ્ટમ બની શકે છે. હવામાન વિભાગ પ્રમાણે ઉત્તર થાઈલેન્ડ પર ઉપરના વાતાવરણમાં ચક્રવાતી પરિભ્રમણની સંભાવના છે, જે ૧૮ સપ્ટેમ્બરે ઉત્તર અંડમાન સમુદ્ર પર પહોંચી શકે છે. તેના કારણે ૧૯ સપ્ટેમ્બરે આસપાસના ક્ષેત્રમાં લો-પ્રેશર બની શકે છે. જેના કારણે વરસાદી માહોલ બની શકે છે.

સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં સતત વધારો થતાં તંત્ર એલર્ટ મોડમાં આવ્યું છે. ઉપરવાસમાંથી ૧.૩૦ લાખ ક્યુસેક પાણીની આવક થતાં ડેમની જળ સપાટી ૧૩૭.૪૮ મીટરે પહોંચી છે. ડેમની મહત્તમ સપાટીથી હવે માત્ર ૧.૨ મીટર જ પાણી દૂર છે.

---

દારૂનો જથ્થો ટ્રોલી બેગ, થેલામાં સંતાડ્યો હતો

# ભરૂચ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પરથી દારૂની પેટીઓ મળી

**ભરૂચ રેલવે સ્ટેશન પરથી વિજિલન્સ અને ભરૂચ રેલવે જીઆરપીની સંયુક્ત ટીમે મોટી કાર્યવાહી હાથ ધરી છે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ભરૂચ, તા.૧૬**

ગુજરાતમાં કહેવાતી દારૂબંધી છે. ત્યારે ભરૂચ રેલવે સ્ટેશન પરથી વિજિલન્સ અને ભરૂચ રેલવે જીઆરપીની સંયુક્ત ટીમે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ટીમે ટ્રેન મારફતે લઈ જવાતો ટ્રોલી બેગ અને થેલાઓમાં ભરીને દારૂનો મોટો જથ્થો લઈ જવામાં આવતો હતો. ભરૂચમાં રેલવે મારફતે દારૂ સપ્લાય કરવાના પ્રયાસને વિજિલન્સ અને ભરૂચ રેલવે GRPએ નિષ્ફળ બનાવ્યો છે.

ભરૂચ રેલવે સ્ટેશન પરથી વિજિલન્સ અને ભરૂચ રેલવે જીઆરપીની સંયુક્ત ટીમે મોટી કાર્યવાહી હાથ ધરી છે.

ટ્રેન મારફતે સપ્લાય કરવામાં આવતો દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. ભરૂચ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પરથી દારૂની પેટીઓ મળી આવતા તપાસ હાથ ધરવામાં આવી હતી.દારૂનો જથ્થો ટ્રોલી બેગ, થેલા સહિતના સામાનમાં સંતાડી ટ્રેન મારફતે સપ્લાય કરવામાં આવતો



હોવાની માહિતી સામે આવી છે. કાર્યવાહી દરમિયાન દારૂના જથ્થા સાથે સંકળાયેલા કેટલાક ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે જપ્ત કરાયેલા દારૂના જથ્થાની ગણતરી સહિતની કાર્યવાહી હાથ ધરી છે. આ દારૂનો જથ્થો ક્યાંથી મોકલવામાં આવ્યો હતો, કોણે મોકલ્યો હતો અને ભરૂચમાં ક્યાં-ક્યાં પહોંચાડવાનો હતો, તે અંગે વિજિલન્સ અને જીઆરપી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. સમગ્ર મામલે રેલવે માર્ગે દારૂની હેરાફેરી કરતા નેટવર્ક સુધી પહોંચવા માટે તપાસનો દોર આગળ વધારવામાં આવી રહ્યો છે. રેલવે સ્ટેશન પરથી ટ્રેન મારફતે દારૂની હેરાફેરીનો પ્રયાસ ઝડપાતા હવે તપાસ એ દિશામાં પણ આગળ વધી રહી છે કે આ જ મોડસ ઓપરેન્ડીથી અગાઉ પણ દારૂનો જથ્થો ગુજરાતમાં પહોંચાડવામાં આવ્યો હતો કે કેમ.

---

# સુરેન્દ્રનગરમાં તરણેતરના મેળામાં મોતના કૂવાનું સ્ટેજ તૂટી પડતાં નાસભાગ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરેન્દ્રનગર,તા.૧૬**

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના ત્રિનેત્રેશ્વર મહાદેવના સાનિધ્યમાં યોજાતો વિશ્વવિખ્યાત તરણેતરનો લોકમેળો ભક્તિ, સંસ્કૃતિ અને ઉલ્લાસના ત્રિવેણી સંગમ સમાન છે. ભાદરવા સુદ ત્રીજ એટલે કે ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજથી શરૂ થયેલા આ ઐતિહાસિક અને પૌરાણિક મેળામાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા મેળામાં સુરક્ષા માટે ૨૫૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ અને આરોગ્યની સેવા માટે ૧૦૦થી વધુ ડૉક્ટરો તથા સ્ટાફની ટીમ તૈનાત કરવામાં આવી છે, જ્યાં વિદેશથી પણ લોકો મેળો માણવા આવે છે. આ દરમિયાન તરણેતરના મેળામાંથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. મેળામાં મનોરંજન માટે બનાવાયેલા 'મોતના કૂવા'નું સ્ટેજ અચાનક તૂટી પડવાની ઘટના બની હતી. મોતના કૂવાના આગળના ભાગમાં બનાવવામાં આવેલું સ્ટેન્ડ અચાનક ધસી પડતાં ત્યાં હાજર લોકોમાં ભારે ભય ફેલાઈ ગયો હતો.



સ્ટેજની સાથે જોડાયેલી લોખંડની એંગલ પણ અચાનક નમી પડતાં ત્યાંથી પસાર થઈ રહેલા ૪ થી ૫ વ્યક્તિઓને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જોકે, આ દરમિયાન સમજદારી દાખવીને મેળો માણવા આવેલા જાગૃત લોકોએ તાત્કાલિક એંગલને ટેકો આપીને પકડી રાખી હતી, જેના કારણે સમયસર મોટી દુર્ઘટના ટળી ગઈ હતી અને જાનહાનિ અટકી હતી.

# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ પર વડનગરથી વારાણસી સુધીની યોજાશે બાઈક રેલી



## ગૃહમંત્રી અમિત શાહ આપશે લીલીઝંડીઃ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૨૫ વર્ષની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૧૬**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસ પર ગુજરાતમાં ખાસ આયોજન કરવામાં આવશે. જેમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૨૫ વર્ષની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે યુવા મોરચા દ્વારા વડનગરથી વારાણસી સુધી વિશાળ બાઈક રેલી યોજાશે. આ બાઈક રેલી ૧૭ સપ્ટેમ્બરથી ૭ ઑક્ટોબર સુધી યોજાનાર છે. આ અંતર્ગત બે યાત્રાઓનું આયોજન કરાયું છે, જેમાં એક યાત્રા વડનગરથી વારાણસી અને બીજી યાત્રા વારાણસીથી વડનગર તરફ પ્રસ્થાન કરશે. આ યાત્રા બંને દિશામાંથી ૨૫૦ સેવા યાત્રીઓના ગ્રુપ અનુસાર કુલ ૧૦ ગ્રુપ સાથે નીકળશે.

વડનગર ખાતેથી યાત્રાના પ્રસ્થાન અને ઉદઘાટન સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાજર રહેશે, જ્યારે કાશી ખાતે યોજાનાર કાર્યક્રમમાં કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહ હાજરી આપશે. આ યાત્રામાં યુવા મોરચાના આશરે ૧૦૦૦ જેટલા કાર્યકરો જોડાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન અને સેવા સંકલ્પ અભિયાનના સંકલ્પ સાથે તેમજ યુવાશક્તિને માર્ગ જોડવાના અભિયાન અનુસાર આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે એટલે કે ૧૭ સપ્ટેમ્બરે ગુજરાતના વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. તેઓ વડનગર અને અમદાવાદના વિવિધ આયોજનોમાં હાજરી આપશે. આ દરમિયાન તેઓ વડનગરથી વારાણસી બાઈક રેલીને પ્રસ્થાન કરાવશે. આ ઉપરાંત, પ્રધાનમંત્રીના દીર્ઘાયુની કામના સાથે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી જગન્નાથ મંદિરે આરતી કરશે. ત્યારબાદ કાંકરિયા ખાતે યોજાનાર સવા લાખ દીવડા પ્રગટાવવાના વિશેષ પ્રસંગે પણ તેઓ ખાસ હાજરી આપશે.

તો બીજી તરફ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો કાશીથી ગુજરાત માટે એક વિશેષ કાર્યક્રમની તૈયારીમાં છે. આ દરમિયાન માત્ર ઉત્તર પ્રદેશ સરકારના દિગ્ગજો જ નહીં પરંતુ કેન્દ્ર સરકારના મંત્રીઓ અને NDAના પ્રમુખ સહયોગીઓ વારાણસીમાં હાજર રહેશે. આ પ્રસંગે ભાજપ તરફથી 'સેવા સંકલ્પ બાઈક યાત્રા'ની શરૂઆત કરવામાં આવશે, જે કાશીથી વડનગર માટે રવાના થશે. ૧૭ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે ભારતીય જનતા પાર્ટી દ્વારા કાશીથી વડનગર માટે સેવા સંકલ્પ બાઈક યાત્રાની શરૂઆત કરવામાં આવશે, જેમાં આશરે ૫૦૦ સેવા યાત્રીઓ જોડાશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, ચિરાગ પાસવાન, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ઉપમુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય, બ્રિજેશ પાઠક અને પ્રદેશ અધ્યક્ષ પંકજ ચૌધરી સહિત અનેક દિગ્ગજો હાજરી આપશે.

આ યાત્રાને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ લીલી ઝંડી બતાવશે. આ સિવાય દેશના સૌથી પ્રમુખ ધાર્મિક સ્થળ શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં પણ પ્રધાનમંત્રીના જન્મદિવસે વિશેષ પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં બાબાનો જલાભિષેક, ડમરૂ વાદન અને પીએમના દીર્ઘાયુ જીવન માટે પ્રાર્થના સામેલ છે.

પીએમ મોદીના જન્મદિવસ પર કાશીથી વડનગર માટે શરૂ થઈ રહેલી આ યાત્રામાં ૫૦૦ લોકો જોડાશે. આ યાત્રા ૫૦ જિલ્લાઓ સુધી પહોંચશે, ૮૮ રાત્રિ રોકાણ થશે અને ૧૮૭ વિરામ સ્થળ રહેશે. આ ઉપરાંત, આ યાત્રામાં ૨૫ વર્ષની જનસેવાથી યુવાનોને જોડવાનો સંકલ્પ નિર્ધારિત કરવામાં આવ્યો છે. સૌથી મહત્વની વાત એ છે કે આ યાત્રાની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્ર વારાણસીથી થઈ રહી છે અને આ યાત્રાનું સમાપન વડનગરમાં થશે. ભાજપ તરફથી આ યાત્રાને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે અને આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો જોડાય તેવી શક્યતા છે.

### મોદીના ૭૬મા જન્મદિનને યાદગાર બનાવાશે

# ૭૬ મહિલાઓને ૭૬ સ્વસ્થ દેશી ગીર ગાયો અપાશે

## આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી પણ હાજર રહેશે



(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૧૬**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે સમગ્ર ગુજરાત અને દેશભરમાં વિવિધ જનકલ્યાણકારી, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પીએમ મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે યોજાનારા વિશેષ આયોજનોની રૂપરેખા આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પીએમ મોદીના ૭૬મા જન્મદિનને યાદગાર બનાવવા ૭૬ જરૂરિયાતમંદ, આદિવાસી અને BPL પરિવારોની મહિલાઓને ૭૬ સ્વસ્થ દેશી ગીર ગાયોનું દાન કરવામાં આવશે. દસ્ક્રોઈના ધારાસભ્ય બાબુભાઈ જામનાદાસ પટેલ અને તેમના પરિવાર દ્વારા સંચાલિત સીતાવન ગીર ગૌશાળા દ્વારા આ વિશિષ્ટ પહેલ હાથ ધરાઈ છે. લાભાર્થી મહિલાઓને સન્માનપૂર્વક ઘર સુધી ગાય પહોંચાડવા સાથે પશુ આહાર, રસીકરણ અને આરોગ્ય પ્રમાણપત્ર પણ અપાશે.

ભારતીય જનતા યુવા મોરચા દ્વારા ૧૭ સપ્ટેમ્બરથી ૭ ઑક્ટોબર દરમિયાન વડનગરથી વારાણસી અને વારાણસીથી વડનગર એમ બંને દિશામાં વિશાળ બાઈક રેલીનું આયોજન કરાયું છે. પ્રધાનમંત્રીના સંસદીય ક્ષેત્ર વારાણસી ખાતે NDAના પ્રમુખ સહયોગીઓ અને કેન્દ્રીય મંત્રીઓની હાજરીમાં ભવ્ય આયોજન કરાયું છે. શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં બાબાનો જલાભિષેક, ડમરૂ વાદન અને પીએમના ઉત્તમ સ્વાસ્થ્ય માટે વિશેષ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું છે. ભાજપનું 'સેવા સંકલ્પ અભિયાન' ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી ચાલવાનું છે. તેમાં યુવાનો સાથે જોડાયેલા કાર્યક્રમો ઉપરાંત સેવા, સ્વચ્છતા, પાણી સંરક્ષણ અને અન્ય જનસંપર્ક પ્રવૃત્તિઓનું આયોજન કરાયું છે. બાઈક યાત્રાનું સમાપન ૭ ઓક્ટોબરે થશે, જે દિવસે નરેન્દ્ર મોદીએ ૨૦૦૧માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ જાહેર પદ પર ૨૫ વર્ષ પૂર્ણ કર્યાનું ભાજપ દ્વારા જણાવાયું છે.

# અતુલ પાર નદીમાં ૧૦૦થી વધુ દોઢ દિવસના ગણેશજીનું વિસર્જન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૬**

ગણેશ ચતુર્થીના દિવસે ગણેશ ભક્તો દ્વારા ઠેર ઠેર સ્વૈચ્છીક તેમજ સાર્વજનિક ગણેશોત્સવમાં બાપાની સ્થાપના કરવામાં આવતી હોય છે.

કોઈ દોઢ દિવસ, કે પછી અઢી દિવસ પાંચ દિવસ નવ દિવસ અને ૧૧ દિવસ એટલે કે આનંદ ચૌદસ સુધી ભક્તો દ્વારા બાપાની પ્રતિમાની સ્થાપના કરી ભક્તિભાવપૂર્વક ગણપતિ બાપ્પા મોરિયાના નાદ સાથે ભજન આરતી કરી ભગવાનને ગમતા લાડુ તેમજ અવનવા પ્રકારના મિસઠાનના ભોજનના ઠાળ ચઢાવી બાપાની સેવા અર્ચના કરવામાં આવે છે.

તેવીજ રીતે ગત રોજ અતુલ પારડી સહિત વિસ્તારમાંથી કેટલાય ભક્તો દ્વારા પોતાના ઘરે સ્થાપિત દોઠ દિવસના કરવામાં આવેલ ગણેશજીની પ્રતિમાનું ભારે હૈયે અશ્રુ ભીની આંખે વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને સૌપ્રથમ વખત ચણવાઈ સાંઈ સોસાયટીના 'પાલી બાનો છાંયડો પરીવાર'ના પટેલ પરિવાર, અટેકર પરીવાર , માર્ગે પરીવાર, સહિત મિત્રમંડળ મોટી સંખ્યામાં ભકતો ગણ સાથે ગણપતિ બાપ્પા મોરિયાના નાદ ભક્તિ સંગીતનો નાચ ગાન સાથે બાપ્પાની ભકતોએ ભારે હૈયે અશ્રુ ભીની આંખે વિસર્જન કરવામાં આવ્યું હતું.

ધાર્મિક પ્રસંગોમાં સુરક્ષા અને વ્યવસ્થા સાથે સેવા માટે પારનદી કિનારે વરસોથી સેવા બજાવી રહેલા ચંદ્પુર માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટના તરવૈયાઓએ તેમજ અતુલ તરફથી પણ ચણવાઈ નવયુવક મંડળના યુવા તરવૈયાઓએ નિષ્ઠાપૂર્વક નદીના ઉંડાપાણી મા-બાપ્પાની પ્રતિમાનું શાસશાસ્ત્રોક્ત વિધિ મુજબ ખૂબ જ શાંતિમય ભક્તિભાવપૂર્વક નદીના જળમાં પધારવયા હતા. તે વેળા સમગ્ર નદી કિનારે ભક્તિસભર વાતાવરણ સર્જાયું હતું.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિવસની ઉજવણી સંદર્ભે ઓલપાડ તાલુકા પંચાયત કચેરી ખાતે વિશેષ મિટિંગ યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ,તા.૧૬**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં જન્મદિવસને સેવા દિવસ તરીકે ઉજવવા સાથે મોદીની સેવા અને સમર્પણનાં ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે તેમનાં દ્વારા દેશનાં લોકોનાં જીવનમાં આવેલ બદલાવ, દેશનાં મોટાભાગનાં પડતર પ્રશ્નોનું સુખદ સમાધાન જેવાં કામોને બિરદાવવા અને તેમનો આભાર વ્યક્ત કરવા માટે 'આશીર્વાદનો દીપ' સહિતનાં અન્ય કાર્યક્રમોની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમનાં ભાગરૂપે આજરોજ ઓલપાડ તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકાનાં તમામ મુખ્યશિક્ષકોની મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામ્ય, તાલુકા, જિલ્લાકક્ષા તેમજ શહેરકક્ષાએ આ કાર્યક્રમનું આયોજન થવાનું છે. જે સંદર્ભે શાળા કક્ષાએ યોજવામાં આવનાર વિવિધ સ્પર્ધાઓની વિગતવાર ચર્ચા આ મિટિંગમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ઓલપાડ તાલુકા પંચાયત શાસક પક્ષનાં નેતા શ્રી કિરીટભાઈ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજયભાઈ જરગલિયા, બીઆરસી કો-ઓર્ડિનેટર શ્રી બ્રિજેશભાઈ પટેલે પોતાનાં ઉદ્બોધનમાં રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમની રૂપરેખા આપી ગ્રામ્યકક્ષા તથા તાલુકાકક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિ, વાલીજનો તથા ગ્રામજનો પણ આ વિશેષ કાર્યક્રમમાં સહભાગી થાય એ માટે જાહેર અપીલ કરી હતી.

# ઓઝોન બચાવવાના સંદેશ સાથે રાનકુવા હાઈસ્કૂલમાં વિશ્વ ઓઝોન દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

## વર્કિંગ મોડેલ, શોર્ટ ફિલ્મ, ડિબેટ અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ દ્વારા ૧,૪૦૦ જેટલા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાગૃતિ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૧૬**

વિશ્વ ઓઝોન દિવસ નિમિત્તે શ્રી બી.એલ. પટેલ સર્વ વિદ્યામંદિર, રાનકુવા ખાતે વૈજ્ઞાનિક અભિગમ અને પર્યાવરણ જાગૃતિને કેન્દ્રમાં રાખી વિવિધ પ્રવૃત્તિઓ સાથે ઓઝોન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

દર વર્ષે ૧૬ સપ્ટેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવે છે. પૃથ્વીને સૂર્યના હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોથી રક્ષણ આપતા ઓઝોન સ્તરનું મહત્વ, તેના ક્ષયના કારણો તથા પર્યાવરણ અને માનવજીવન પર થતી અસરો અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાના હેતુથી શાળામાં આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. વૈશ્વિક તાપમાનમાં વધારો, હિમનદીઓનું પીગળવું અને આબોહવા પરિવર્તન જેવી પર્યાવરણીય પરિસ્થિતિઓને પણ ઓઝોન દિવસની થીમ સાથે સાંકળી વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી હતી.



શાળાના આચાર્ય શ્રી સંજયસિંહ ડી. પરમારના માર્ગદર્શન હેઠળ ઉજવણીના કન્વીનર શ્રી કૈલાશબેન પટેલ, વિજ્ઞાન શિક્ષકોની ટીમ તથા વિજ્ઞાનમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓના સહયોગથી શાળાના પટાંગણમાં વર્કિંગ ઓઝોન મોડેલ તૈયાર કરી પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. આ મોડેલ દ્વારા ઓઝોન સ્તરની રચના, તેનું મહત્વ, અલ્ટ્રાવાયોલેટ (યુ.વી.) કિરણોથી પૃથ્વીનું રક્ષણ, ઓઝોન ક્ષયના કારણો અને તેની માનવજીવન તથા પર્યાવરણ પર થતી અસરો વિદ્યાર્થીઓને પ્રયોગાત્મક અને સરળ શૈલીમાં સમજાવવામાં આવી હતી.

સમગ્ર દિવસ દરમિયાન ધોરણ ૯થી ૧૨ના આશરે ૧,૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ વારાફરતી વર્કિંગ મોડેલની મુલાકાત લઈ વૈજ્ઞાનિક માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓએ પાઠ્યપુસ્તકના જ્ઞાનને વર્તમાન પર્યાવરણીય સમસ્યાઓ સાથે સાંકળી પોતાની રજૂઆત દ્વારા વૈજ્ઞાનિક દષ્ટિકોણ રજૂ કર્યો હતો.

કાર્યક્રમમાં શાળાના પૂર્વ વિજ્ઞાન શિક્ષક તથા નિરીક્ષક શ્રી ગુલાબભાઈ મહાલા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વૈજ્ઞાનિક વક્તવ્યમાં ઓઝોન સ્તરનું મહત્વ, તેના ક્ષયથી માનવ સ્વાસ્થ્ય તથા પર્યાવરણ પર થતી અસરો અને ઓઝોન સંરક્ષણની આવશ્યકતા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓની પ્રવૃત્તિમય રજૂઆતને બિરદાવતાં તેમણે જણાવ્યું હતું કે શાળામાં સતત યોજાતી આવી પ્રવૃત્તિઓના માધ્યમથી વિદ્યાર્થીઆનું વૈજ્ઞાનિક ઘડતર થઈ રહ્યું છે.

ઉજવણીના ભાગરૂપે સ્માર્ટ બોર્ડ દ્વારા ઓઝોન અને વૈશ્વિક પર્યાવરણીય અસરોને દર્શાવતી શૈક્ષણિક શોર્ટ ફિલ્મો પણ વિદ્યાર્થીઓને બતાવવામાં આવી હતી. સાથે સાથે વર્ગખંડામાં પાઠ્યક્રમ આધારિત ઓઝોન પ્રકરણ પર ચર્ચા, પ્રશ્નોત્તરી અને ડિબેટનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઓઝોન સંરક્ષણ, વૈશ્વિક તાપમાન, પર્યાવરણ પ્રદૂષણ અને માનવજાતની જવાબદારી અંગે ઉત્સાહપૂર્વક પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ સમગ્ર ઉજવણીનો હેતુ વિદ્યાર્થીઓને માત્ર ઓઝોન વિશે માહિતી આપવાનો નહીં, પરંતુ વિજ્ઞાનને જીવન સાથે જોડવાનો, પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવાનો અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવવાનો રહ્યો હતો.

શાળાની આ નવીન અને પ્રવૃત્તિસભર વૈજ્ઞાનિક પહેલને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય ડૉ.યોગેશભાઈ તથા જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી જયેશભાઈ ચૌધરી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. રાનકુવા ડિવિઝન કેળવણી મંડળના પદાધિકારીઓએ પણ શાળામાં સતત યોજાતી નવીન શૈક્ષણિક અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓની પ્રશંસા કરી આગામી સમયમાં પણ શાળા આ જ રીતે પ્રવૃત્તિમય અને વાઈબ્રન્ટ રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી અંતે વિદ્યાર્થીઓ સામૂહિક સંકલ્પ લઈને કાર્યક્રમને વિરામ આપ્યો હતો.

# ICDS ચોર્યાસી અને AMNS કંપનીનાં સંયુક્ત ઉપક્રમે મોરા ગામ ખાતે વિશેષ કીટ વિતરણ અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૧૬**

પોષણ માસ ૨૦૨૬ અંતર્ગત સામુદાયિક સ્વાસ્થ્ય, શિક્ષણ અને મહિલા સશક્તિકરણની પ્રતિબદ્ધતાનાં ભાગરૂપે મોરા ગામ ખાતે ICDS ચોર્યાસી અને AMNS કંપનીનાં સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યક્રમ અંતર્ગત વિસ્તારની આશરે ૧૩૦ જેટલી સગર્ભા તથા ધાત્રી માતાઓને પોષણક્ષમ આહાર મળી રહે તે હેતુથી ન્યુટ્રિશન કીટનું વિતરણ કરવામાં આવી હતી. માતાઓનાં સ્વાસ્થ્યની સાથે સાથે દીકરીઓનાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે, મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા કાર્યક્રમમાં હાજર ગ્રામ્ય વિસ્તારની કિશોરીઓને એજ્યુકેશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમાજમાં દીકરીઓનાં જન્મને ઉત્સવની જેમ ઉજવવાનાં હેતુથી ૦ થી ૧ વર્ષની નવજાત બાળકીઓને 'વધામણા કીટ' આપીને હર્ષભેર વધાવવામાં આવી હતી.





સદર કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે મોરાનાં જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી ધર્મિષ્ઠાબેન પટેલ, હજીરાનાં જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી નર્મદાબેન પટેલ તથા ચોર્યાસી તાલુકાનાં CDPO શ્રીમતી દીક્ષિતાબેન ડોડીયા તેમજ AMNS ઈન્ડિયા (હજીરા)નાં સીએસઆર લીડ કિરણસિંહ સિંધા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમ દરમિયાન આમંત્રિત નિષ્ણાંત ડોકટર્સ, ગાયનેકોલોજિસ્ટ અને ડાયેટિશિયન દ્વારા ઉપસ્થિત સગર્ભા માતાઓને ગર્ભાવસ્થા દરમિયાન રાખવાની કાળજી, જરૂરી પોષક તત્વો, માનસિક સ્વાસ્થ્ય અને નવજાત શિશુની સંભાળ અંગે ખૂબ જ ઉપયોગી અને વૈજ્ઞાનિક માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

મહાનુભાવોએ પોતાનાં ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, કંપની અને સરકારી વિભાગનાં આ સંયુક્ત ત્રિવેણી પ્રયાસનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓમાં પોષણ સ્તર સુધારવા, કિશોરીઓનાં શિક્ષણને વેગ આપવા અને 'બેટી બચાવો'નાં સંદેશને સાર્થક કરવાનો છે. આ સરાહનીય અને પ્રેરણાદાયી આયોજન બદલ સ્થાનિક પરિવારો અને લાભાર્થી માતાઓએ સમગ્ર ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

## જો હકીકતમાં વયોવૃદ્ધોને ઘેરબેઠા પાંચ દસ લાખ સુધીની ફ્રી તબીબી સારવારનો લાભ પહોંચાડવો જ હોય તો

# ‘ઓટોમેટિક વયવંદના કાર્ડ’ની સિસ્ટમ અમલમાં મુકવી પડશે

**કે**ન્દ્ર સરકારે ‘આયુષ્માન ભારત યોજના’ હેઠળ ‘પીએમ જેએવાય યોજના‘ અથવા ‘પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના’ અમલમાં મૂકી છે, જેમાં અપાતા ‘આયુષ્માન ભારત (આભા કાર્ડ)’માં દર્દીની હિસ્ટ્રી એકત્રિત થાય છે, અને પીએમ જેએવાય કાર્ડના માધ્યમથી કેન્સર, કિડની, હૃદયરોગ જેવી ગંભીર બીમારીઓ માટે ₹પાંચ લાખ સુધીની સારવાર નિઃશુલ્ક થાય, તે માટે દેશમાં સરકારી તથા ખાનગી મળીને ૩૦ હજારથી વધુ હોસ્પિટલોને સૂચિબદ્ધ કરવામાં આવે છે. આ યોજનાનો લાભ ગરીબોને મળે છે, જેની આવક ઘણી જ ઓછી હોય છે. ગુજરાત સહિતના કેટલાક રાજ્યોમાં પહેલેથી આ પ્રકારની યોજના હતી, ત્યાં આ યોજનાને જોડીને યોજનાનું વિસ્તૃતિકરણ કરવામાં આવ્યું છે. દૃષ્ટાંત તરીકે ગુજરાતમાં ‘પીએમજેએવાયમાં’ યોજના હેઠળ સિનિયર સિટીઝન ધરાવતા પરિવારની ₹૬ લાખ કે તેથી ઓછી આવક હોય તો આ લાભ મળે છે, જ્યારે સિનિયર સિટીઝનો ન હોય તેવા સામાન્ય પરિવારો માટે વાર્ષિક આવકમર્યાદા કદાચ ચાર લાખ છે. આ માટે આવકનો દાખલો મેળવવો પડે છે અને જન્મનો દાખલો, વીજબીલ, આધારકાર્ડ, રાશનકાર્ડ સહિતના કેટલાક દસ્તાવેજો રજૂ કરવા પડે છે, તે બધાને ખબર છે. આ કાર્ડ હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારની બન્ને યોજનાનો લાભ મળતો હોવાનો દાવો કરાય છે. આ પ્રકારના કાર્ડ નિયત આવક મર્યાદા ધરાવતા લાખો લોકોએ મેળવ્યા પણ છે.

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૪ના ઓક્ટોબર મહિનાથી એક નવી યોજના શરૂ કરી હી, જેને ‘આયુષ્માન વયવંદના કાર્ડ’ નામ અપાયું હતું. આ યોજના હેઠળ ૭૦ વર્ષ પૂરા થાય, તેવા પ્રત્યેક બુઝુર્ગોને આવકની મર્યાદા રાખ્યા વિના ₹પાંચ લાખ સુધીની નિઃશુલ્ક સારવાર આપવામાં આવશે, તેવો દાવો કરાયો હતો. જે લોકોને ૭૦ વર્ષ પૂરા થઈ ગયા હોય તેઓ પાસે જો તેના પરિવારનું ‘આયુષ્માન પીએમ જેએવાય કાર્ડ’ હોય તો પણ તેઓને તે કાર્ડના લાભો ઉપરાંત આ વધારાની પાંચ લાખની નિઃ શુલ્ક સારવારની સુવિધા અપાશે અને તે માટે વાર્ષિક આવકની કોઈ મર્યાદા રખાઈ નથી, જેથી આ ‘વયવંદના યોજના’ હેઠળ ગરીબ મધ્યમ વર્ગ અમીર બધા વર્ગોના વયોવૃદ્ધ સિનિયર મોસ્ટ સિટીઝનો પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર મેળવી શકે છે.

‘આયુષ્માન વયવંદના યોજના’નો લાભ મૂળ ‘આયુષ્માન ભારત યોજના’ હેઠળની યોજનાનો અંતર્ગત કુટુંબનું કાર્ડ હોય તો પણ અલગથી મળી શકે છે, તેવો દાવો કરાયો છે અને આ માટે ઓનલાઈન પ્રક્રિયા દ્વારા વયોવૃદ્ધ લોકો ડાયરેક્ટ પોતાના મોબાઈલ સેલફોનથી કાર્ડ કાઢી શકે, તેવી સરળ પદ્ધતિ હોવાનો દાવો પણ કરવામાં આવે છે.

જો કે, ઓનલાઈન પ્રક્રિયા કરવામાં આવે, ત્યારે એવા મેસેજ આવે છે કે એક કાર્ડ ધરાવતા હોય તેને બીજું કાર્ડ મળવાપાત્ર નથી. એક તરફ આધાર કાર્ડ અપલોડ કરતા જ મોબાઈલ ફોનમાં ઓટીપી આવશે અને તે દાખલ કરતા જ વયવંદના કાર્ડ ડાઉનલોડ કરી શકાશે, તેવી ઓનલાઈન સિસ્ટમનો દાવો કરાય છે, પરંતુ ઘણાં બુઝુર્ગોને આ પ્રક્રિયામાં વિવિધ પ્રકારની એરર બતાવાય છે, તેવી રાવ ઊઠી છે, તેથી એવી માંગ ઊઠી રહી છે કે જો ‘આયુષ્માન ભારત યોજના’ હેઠળ પહેલેથી કુટુંબ સાથે કે પોતાનું પીએમ જેએવાય કાર્ડ હોય કે ન હોય તો પણ માત્ર આધારકાર્ડ નંબર, ઓનલાઈન અપલોડ કરીને સરળ પ્રક્રિયા હેઠળ કોઈપણ પૂર્વવૃત્તાંત કે સિસ્ટમ ચકાસ્યા વિના જ માત્ર ઉંમરના આધારે ઓનલાઈન કાર્ડ ડાઉનલોડ થઈ જાય, તે પ્રકારે સિસ્ટમ સુધારવી જોઈએ, કારણ કે આમ પણ ‘વયવંદના કાર્ડ’નો લાભ પરિવાર સાથેનું કાર્ડ હોવા છતાં તે ઉપરાંત આપવાનો જ હોય તો પારિવારિક કાર્ડ હોવાથી ‘વયવંદના કાર્ડ’ નીકળે નહીં, તેવી સિસ્ટમ હોવી જ ન જોઈએ, કાં તો આ એક પ્રકારનો વિરોધાભાસ શરતચૂકથી સિસ્ટમમાં રહી ગયો હશે, અથવા આ રીતે સિનિયર સિટીઝનોને કોણીએ ગોળ ચોંટાડીને માત્ર પ્રચારપ્રસિદ્ધિ કરવામાં આવતી હોવાની લોકમૂખે ચર્ચાતી આશંકાઓમાં તથ્ય હશે. લોકોની માંગણી એવી છે કે જે વડીલો ૭૦ વર્ષ પૂરા કરે, તેની આધાર કાર્ડની વિગતો તો સરકારી સિસ્ટમમાં મૌજૂદ જ હોય છે, તેથી જેવા ૭૦ વર્ષ પૂરા થાય અને વ્યક્તિ ૭૧મા વર્ષમાં પ્રવેશે, એટલે તેના રજિસ્ટર્ડ મોબાઈલ સેલ ફોનમાં તેનું ‘વયવંદના કાર્ડ’ ઓટોમેટિક તૈયાર થઈને આવી જાય, જેમાં તે આ કાર્ડ સ્વીકારવા માંગે છે કે નહીં, તેઓ માત્ર વિકલ્પ અપાય, અને જો આ કાર્ડ સ્વીકારવાનો વિકલ્પ પસંદ કરે કે તરત તેનું વયવંદના કાર્ડ રજિસ્ટર થઈ જાય. જો આવું થાય તો જ ૭૦ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા વયોવૃદ્ધોને ડાયરેક્ટ મદદરૂપ થવાનો સરકારનો ઉદ્દેશ્ય પણ સાર્થક થશે અને ખાસ કરીને જેના સંતાનો ન હોય, વિદેશમાં હોય તેવા વડીલો કે તરછોડાયેલા એકલવાયું જીવન જીવતા બુઝુર્ગોને આ રીતે ઓટોમેટિક કાર્ડ મળી જતા સાચા અર્થમાં તેની મદદે સરકાર આવી હોવાની અનુભૂતિ થશે.

‘વયવંદના કાર્ડ’ ઓનલાઈન કાઢવા જતા ઘણાં લોકોને વડાપ્રધાને સર્વપ્રથમ ‘આયુષ્માન યોજના’ જાહેર કરી હતી, તે સમયે રેશનકાર્ડ આધારિત તૈયાર થયેલી કોઈ યાદીના સમયના પરિવારો નોંધાયેલા હોવાનું જણાવાય છે, અને તેમાં જેન્ડર, ઉંમરની વિગતોમાં ઘણાં છબરડા થયા છે. કેટલાક એવા વયોવૃદ્ધ લોકો પણ છે જેઓને ચાર લાખ કે છ લાખની આર્થિક આવક મર્યાદાના આધારે ‘આયુષ્માન ભારત યોજના’ હેઠળ ‘પીએમ જેએવાય’માં કાર્ડ કઢાવ્યું હોય, પરંતુ તે પછી ત્રણ વર્ષની મુદ્દત પૂરી થવાના સમયે તેની આવક વધી જતા તે કાર્ડ રિન્યુ કરાવ્યું ન હોય, તેઓને પણ ‘વયવંદના કાર્ડ’ કઢાવવામાં મુશ્કેલી પડી રહી છે અને આ બધી સમસ્યાઓ ઉકેલવા સિસ્ટમમાં જરૂરી કરેક્શન માટે હોસ્પિટલોમાં કાર્યરત આયુષ્માન મિત્ર પાસે જવાનું કહેવામાં આવતું હોય છે. આવા સમયે જેઓ એકલવાયા, વૃદ્ધ અશક્ત કે બીમાર હોય તેવા વૃદ્ધો આયુષ્માન મિત્રને ત્યાં જઈને હરોળમાં ઊભીને સિસ્ટમ સુધારવા કે એરર કરેક્શન કરાવવા જેટલા સક્ષમ હોતા નથી. આથી રાજ્ય અને કેન્દ્ર સરકારે ૭૦ વર્ષથી ઉપરની ઉંમરના હયાત બુઝુર્ગોના આધારકાર્ડના આધારે ‘ઓટોમેટિક’ વયવંદના કાર્ડ નીકળી જાય અને તેઓને વિકલ્પ પૂછીને તેનું એક્ટિવેશન થઈ શકે તો જ ‘વયવંદના’ કાર્ડનો મુખ્ય ઉદ્દેશ્ય સાર્થક થશે. આ મુદ્દે શાસક પક્ષના નેતાઓ કેન્દ્ર સરકારનું ધ્યાન દોરે અને વિપક્ષના નેતાઓ પણ સરકારનું ધ્યાન દોરવા આ મુદ્દો વિધાનસભા અને સંસદમાં ઊઠાવવા ઉપરાંત પબ્લિક પ્લેટફોર્મ પરથી પણ આ અંગે જનમત ઘડાય તે જરૂરી છે. સૌ કોઈનો અંતિમ ઉદ્દેશ્ય ૭૦ વર્ષથી વધુ ઉંમરના વયોવૃદ્ધોને જીવનના આ પડાવમાં ઘેરબેઠા વાસ્તવમાં મદદરૂપ થવાનો જ હોવો જોઈએ. જો હકીકતમાં વયોવૃદ્ધોને ઘેરબેઠા પાંચ દસ લાખ સુધીની ફ્રી તબીબી સારવારનો લાભ પહોંચાડવો જ હોય તો આ ‘ઓટોમેટિક વયવંદના કાર્ડ’ની સિસ્ટમ અપડેટ કરીને અમલમાં મૂકવાની પ્રક્રિયા સરકાર માટે તો જરાયે અઘરી તો નથી જ...

# જે લોકો ટેન્શનમાં રહે છે તેમના કામકાજના સ્તરમાં પણ ઘટાડો થઈ જાય છે

**અ**મેરિકાની બ્રીઘમ યંગ યુનિવર્સિટના સાયકલોજી વિભાગના પ્રોફેસર ડોનાલ્ડ શેલ્ટન અને બ્રોક કિરવાને વ્યાપક અભ્યાસ અને અનેક વર્ષ સુધી રિસર્ચ કર્યા બાદ તારણ કાઢ્યું છે કે, ટેન્શન યાદશક્તિ અને દિમાગ સંબંધિત અનેક સમસ્યામાં વધારો કરી શકે છે. જે લોકો સતત ટેન્શનમાં રહે છે તેમની યાદશક્તિ ખુબ ઓછી થઈ જાય છે. જે લોકો ટેન્શનમાં રહે છે તેમના કામકાજના સ્તરમાં પણ ઘટાડો થઈ જાય છે. તેમની કામ કરવાની શક્તિ ઘટી જાય છે. આ નિષ્ણાંતોનું કહેવું છે કે દિમાગમાં બે હિસ્સા હોય છે. જ્યાં નવી કોશિકાઓ બનતી રહે છે. તે પૈકી એક હિપ્પોકેમ્પસ હોય છે  જે દિમાગને સંતુલિત રાખવા માટેનુ કામ કરે છે. ટેન્શનના કારણે સેલ્સનું નિર્માણ કામ રોકાઈ જાય છે. જેના પરિણામસ્વરૂપે દિમાગ અથવા તો યાદશક્તિ સંબંધિત સમસ્સા ઉભી થવા લાગે છે.



અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ફિશ ઓઈલ યાદશક્તિમાં ૧૫ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો કરે છે. આ ઉપરાંત ઘણી તકલીફોને પણ દૂર કરે છે. સોલમન અને ટ્રોટ જેવી ઓઈલી ફિશને ડાઈટમાં લેવાથી યાદશક્તિ સુધારે છે.

ન્યૂઝીલેન્ડમાં મેસી યુનિવર્સિટીમાંથી વેલેમાં સ્ટોન હાઉસ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. આ ટીમે ડીએચએ ધરાવતાં ઘટક તત્ત્વો પણ ઉપલબ્ધ કરાવ્યા છે. સોલમન જેવી ફૂડ વસ્તુઓમાં ઓમેગા-૩ ફેટ્ટી એસિડના તત્ત્વો જોવા મળ્યા છે. આમાં જણાવવામાં આવ્યું છે કે ૧૭૬ સ્વસ્થ પુખ્તવયના લોકોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર યાદશક્તિ જ નહીં બલ્કે હાડકાઓને મજબૂત કરવામાં પણ ફિશ ઓઈલ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સારવાર બાદ જાણવા મળ્યું કે દરેકની યાદશક્તિમાં વધારો થાય છે. આ ઉપરાંત શરીરના અન્ય ઘટકોની તાકાત પણ વધે છે. ડીએચએ ઘટક તત્ત્વોથી યુવા સ્વસ્થ પુખ્તવયના લોકોની યાદશક્તિમાં સુધારો થાય છે. બ્રેઈનને મજબૂત રાખવા અને દિમાગને વધુ કુશળતા સાથે કામ કરે તે માટે ફિશ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ટેન્શનને લઈને પહેલા પણ અનેક અભ્યાસના તારણો જારી કરવામાં આવ્યા છે.

# દુઃખ હર્તા સુખ કર્તા ગણપતિ બાપા

**ભા**દરવા સુદ ચોથને ગણેશ ચતુર્થી કે ગણપતિ ચોથ તરીકે ઓળખવામાં આવે છે. ગણપતિ રિદ્ધિ સિદ્ધિના સ્વામી કહેવાય છે. આપણે કોઈ પણ શુભ કાર્ય કરવું હોય તો સૌ પ્રથમ ગણપતિજીનું આવાહન તથા




પૂજન કરવું પડે છે. કોઈ પણ મંગલ કાર્યક્રમ કે સમારોહની શરૂઆત હંમેશા શ્રી ગણેશ વંદના કે ગણેશજીના શ્લોકથી જ કરવામાં આવે છે, આથી ગણપતિને વિઘ્નહર્તા પણ કહેવામાં આવે છે.

ગણપતિજીનું પૂજન કરવાથી તમામ પ્રકારના વિઘ્નો તથા સંકટો દૂર થઈ જાય છે. આમ તો ગણેશોત્સવ એ ખાસ કરીને મહારાષ્ટ્ર રાજ્યનું પર્વ ગણાય છે, પરંતુ ધીમે ધીમે દરેક રાજ્યોમાં પણ ગણેશોત્સવનું મહત્ત્વ વધવા લાગ્યું છે. ગુજરાતમાં છેલ્લાં કેટલાંય વરસોથી દરેક નગર, ગલી તથા પોળોમાં ગણેશોત્ત્સવ બહુ ધૂમધામથી ઉજવવામાં આવે છે.

ગણેશ ચર્તુર્થીના દિવસે ગણપતિની મૂર્તિની ભક્તિભાવ પૂર્વક તથા વિધિવત સ્થાપના કરવામાં આવે છે. આબાલ વૃદ્ધો સૌ કોઈ આ ચૌદ દિવસ રંગે ચંગે આનંદ કરે છે. અનંત ચતુદર્શીના દિવસે ભારે હૈયે ગણપતિનું વિસર્જન કરીને ભાવભીની વિદાય આપવામાં આવે છે.

અનંત ચતુદર્શીના દિવસે ભાવિક ભક્તો ગણપતિ દાદાની મૂર્તિઓને સમૂહમાં ડૂબાડીને વિસર્જન કરે છે. સામાન્ય રીતે ગણેશજી વિષે જાતજાતની અને ભાતભાતની કથાઓ જોડાયેલી છે, પરંતુ ગણેશજીના વિવિધ નામો કેવી રીતે પડ્યા તેની માહિતિ નીચે મુજબ છે.

(૧) પોતાની દૂંદ (ફાંદ) મોટી હોવાને કારણે દૂંદાળા દેવ તરીકે ઓળખાય છે. (૨)મસ મોટી તથા ભારેખમ કાયા ધરાવતાં હોવાથી મહાકાય તરીકે ઓળખાય છે. (૩)તેમનું ભાલ (કપાળ) ચંદ્ર સમાન તેજસ્વી અને જાજરમાન હોવાને કારણે ભાલચંદ્ર તરીકે ઓળખાય છે. (૪)પોતાની સૂંઢ એક તરફ વાંકી રહેતી હોવાને કારણે વક્રતુન્ડ તરીકે ઓળખાય છે. (૫)ગજ (હાથી) જેવું આનન (મોઢું) હોવાને કારણે ગજાનન તરીકે ઓળખાય છે. (૬)ગજ (હાથી) જેવા મોટા અને લાંબા કાન હોવાને કારણે ગજકર્ણ, સૂપકર્ણ કે લંબકર્ણ તરીકે ઓળખાય છે. (૭)પરશુરામ સાથેના યુદ્ધમાં બે દંતશૂળમાંથી એક દંત ખંડિત થયો હોવાથી એકદંત તરીકે ઓળખાય છે. (૮)ગણોના અધિપતિ હોવાને કારણે ગણપતિ, ગણનાયક, ગણનાથ, ગણાધિપતિ, ગણેશ કે ગણરાય તરીકે ઓળખાય છે. (૯)સઘળાં કષ્ટો, દુઃખ તથા વિઘ્નો દૂર કરતાં હોવાથી વિઘ્નહર્તા, વિઘ્નેશ્વરાય કે સંકટમોચન તરીકે ઓળખાય છે. (૧૦)તેમનો વાન (શરીર) બદામી ઘેરા રંગનો હોવાથી કપિલ તરીકે ઓળખાય છે. (૧૧)નમ્ર વિવેકી તથા વિનયી હોવાને કારણે વિનાયક તરીકે ઓળખાય છે. (૧૨)પોતાને ભોજનમાં મોદક અતિ પ્રિય હોવાથી મોદક સ્વામી તરીકે ઓળખાય છે. (૧૩)પાર્વતીજીના પુત્ર હોવાને કારણે પાર્વતી નંદન કે ગૌરી નંદન તરીકે ઓળખાય છે. (૧૪)સુર એટલે સર્વ દેવતાઓમાં પ્રિય અને ઈષ્ટ હોવાને કારણે સુરપ્રિયાય, સુરેશ કે સુરેશ્વર તરીકે ઓળખાય છે.



ગણપતિને રિદ્ધિ અને સિદ્ધિ નામની બે પત્નીઓ હતી તથા તેમના પુત્રોનાં નામ શુભ તથા લાભ હતાં. સમય જતાં શુભ તથા લાભ ચોઘડિયા તરીકે ગ્રહમંડળમાં પ્રસ્થાપિત થયા હતા. ગણપતિએ મુષક (ઊંદર) જેવા તુચ્છ પ્રાણીને પોતાનું વાહન બનાવ્યો  છે.

ગણપતિને દુર્વા અતિ પ્રિય છે. મહર્ષિ વેદ વ્યાસ રચિત મહાભારત લખવામાં ગણપતિજીનો બહુ મૂલ્ય ફાળો છે. આમ ગણપતિજીએ વરસો અગાઉ લહિયા કે સ્ટેનો તરીકેની સેવા બજાવી હતી, તેથી એવું કહી શકાય કે ગણપતિ જ સૌથી પહેલાં વેદ વ્યાસના સ્ટેનોગ્રાફર હતા ત્યાર પછી સ્ટેનોની લિપિ વિકસી હતી.

દુઃખ હર્તા સુખ કર્તા વિઘ્નેશ્વરને કોટિ કોટિ પ્રણામ.

# અંતર ઘટાડવાની દિશામાંઃ સેમિકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ ભારતનું સામગ્રી ક્ષેત્રે મજબૂત પગલું

**ભા**રતના સેમિકન્ડક્ટર કાર્યક્રમને સામાન્ય રીતે ફેબ અને ATMP ક્ષમતાના સંદર્ભમાં રજૂ કરવામાં આવે છે. આ અભિગમ રોકાણની ગતિને દર્શાવે છે, પરંતુ વાસ્તવિક વ્યૂહાત્મક નબળાઈ ક્યાં છે તે ચૂકી જાય છે. ફેબ પ્રક્રિયા સ્તરે કાર્ય કરે છે અને તે રસાયણોનો સતત ઉપયોગ કરે છે (ડિપોઝિશન, એચ, લિથોગ્રાફી, CMP, ક્લીનિંગ અને ડોપિંગ પ્રક્રિયાઓ), જેમાં ઈલેક્ટ્રોનિક ગ્રેડ પ્રક્રિયા ગેસ (બલ્ક અને સ્પેશિયાલિટી, ડોપન્ટ અને એચ ગેસ સામાન્ય રીતે 5N–6N શુદ્ધતા ધરાવતા), વેટ કેમિકલ્સ (સલ્ફ્યુરિક પેરોક્સાઈડ અને એમોનિયા પેરોક્સાઈડ ક્લીનિંગ, HF), CMP સ્લરી, ફોટોરેઝિસ્ટ અને એવા સબસ્ટ્રેટનો સમાવેશ થાય છે, જેમાં મહત્ત્વપૂર્ણ ધાતુ અને કણજન્ય અશુદ્ધિઓ માટે પ્રતિ બિલિયન અથવા પ્રતિ ટ્રિલિયનના ભાગોમાં દૂષણ સહનશીલતા નિર્ધારિત કરવામાં આવે છે. શુદ્ધતામાં નજીવો ફેરફાર તરત જ દેખાતી નિષ્ફળતા સર્જી શકે નહીં, પરંતુ તે અઠવાડિયાઓ પછી યીલ્ડમાં ઘટાડા અથવા વિશ્વસનીયતામાં નુકસાનના સ્વરૂપે દેખાઈ શકે છે. આ વ્યૂહાત્મક હકીકત પાછળની તકનીકી વાસ્તવિકતા છે.

ઉદ્યોગનો અંદાજ છે કે ભારતની નવી સુવિધાઓ માટે સ્પેશિયાલ્ટી કેમિકલની આયાત નિર્ભરતા ૮૫ ટકાથી વધુ છે, અને પ્રક્રિયા સાધનો પર નિર્ભરતા પણ એટલી જ ઊંચી છે. વ્યૂહાત્મક રીતે, આ પહેલેથી જ પરિપક્વ ઉદ્યોગ કરતાં વધુ મહત્ત્વનું છે, કારણ કે આ ઈનપુટ્સ સતત વપરાય છે અને સંપૂર્ણ પુનઃ પાત્રતા વિના પ્રક્રિયાની વચ્ચે તેમને બદલી શકાતા નથી. પુરવઠામાં અચાનક વિક્ષેપ આવે ત્યારે કોઈ સવલત માત્ર ગેસ અથવા સ્લરીના સપ્લાયરને બદલી શકતી નથી. આ બરાબર એ જ પરિસ્થિતિ છે જે સપ્લાય ચેઈનની નાજુકતાને વ્યાખ્યાયિત કરે છે. સેમિકોન ૨.૦ને આ અંતર ઘટાડવા માટે એવી રીતે તૈયાર કરવામાં આવ્યું છે કે સાધનો, વિશિષ્ટ રસાયણો, ઔદ્યોગિક ગેસ અને સામગ્રીને એક અલગ પ્રોત્સાહન આધારસ્તંભ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. આ મિશન સામગ્રીને વૈશ્વિક સ્તરે મેળવવાની ઈનપુટ તરીકે જોવાથી આગળ વધીને તેને દેશમાં જ વિકસાવવાની ક્ષમતા તરીકે જોવાનો મહત્ત્વપૂર્ણ ફેરફાર દર્શાવે છે. મૂળ સેમિકન્ડક્ટર મિશન શરૂ થયા બાદથી ભારતની સેમિકન્ડક્ટર નીતિમાં આ સૌથી મહત્ત્વપૂર્ણ માળખાકીય ફેરફારોમાંનો એક છે. તેનો ઉદ્દેશ્ય એવા સ્તરને મજબૂત કરવાનો છે, જે સેમિકન્ડક્ટર ક્ષેત્રની વૃદ્ધિ વાસ્તવિક સ્થિતિસ્થાપકતામાં રૂપાંતરિત થાય છે કે નહીં તે નક્કી કરે છે.

આયાત પરની તમામ નિર્ભરતા ઘટાડવી સમાન રીતે મુશ્કરેલ નથી. એડવાન્સ્ડ લિથોગ્રાફી અને ફ્રન્ટ એન્ડ કેપિટલ ઈક્વિપમેન્ટ દાયકાઓથી કમ્પાઉન્ડિંગ IP અને મુઠ્ઠીભર વૈશ્વિક સપ્લાયર્સ પાછળ રહેલા છે જયાં લીડિંગએજ નોડ્સ પર નજીકના ભવિષ્યમાં ભારતીય પ્રવેશ વાસ્તવિક નથી. સામગ્રીનો પ્રશ્ન ખરેખર અલગ છે. તેનું વિસ્તરણ પ્રક્રિયા રસાયણશાસ્ત્ર, દૂષણ નિયંત્રણ અને શુદ્ધિકરણ એન્જિનિયરિંગ દ્વારા થાય છે, ન કે માલિકીના સાધનોની આર્કિટેક્ચર દ્વારા. બલ્ક અને ફાઈન કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલગ્રેડ શુદ્ધિકરણ અને ઔદ્યોગિક ગેસ વિભાજન ક્ષેત્રે ભારતનો વર્તમાન આધાર એક વિશ્વસનીય તકનીકી શરૂઆત પૂરી પાડે છે. જોકે, ઈન્ડસ્ટ્રિયલ ગ્રેડમાંથી ઈલેક્ટ્રોનિક ગ્રેડ આઉટપુટ તરફ જવા માટે સમર્પિત અલ્ટ્રાક્લીન લાઈન્સ,



લેખકઃ
કુણાલ કશ્યપ
(*લેખક ભારત સરકારના MeitY હેઠળના ISM ખાતે ડિસ્પ્લે અને મટિરિયલ્સ વિભાગના ચીફ ટેક્નોલોજી ઓફિસર (CTO) છે.)



મેટલ્સફ્રી હેન્ડલિંગ અને સતત પાર્ટિકલ મોનિટરિંગની જરૂર પડે છે જેનો મોટાભાગના ભારતીય કેમિકલ ઉત્પાદકો પાસે પૂરતો અનુભવ નથી. નીતિ માટે આ તફાવત મહત્ત્વનો છે. એનો અર્થ એ થાય કે દુર્લભ સંસાધનો ત્યાં જવા જોઈએ જ્યાં ભારત પાસે પહેલેથી જ મજબૂતાઈ છે, દરેક શ્રેણીમાં સમાન રીતે નહીં. કેટલાક તકનીકી અંતર એવા છે જેને ઝડપથી દૂર કરવું ખૂબ મુશ્કેલ છે. જ્યારે કેટલાક અન્ય અંતર એવા નથી. નીતિનું ધ્યાન બીજા પ્રકારના અંતર પર હોવું જોઈએ.

કેટલાક ઈનપુટ્સ સૌથી પહેલા સ્થાનિકીકરણ કરવા માટે મજબૂત કેસ બનાવે છે. આ તે છે જેનું ભારત ઊંચા પ્રમાણમાં વપરાશ કરે છે, સતત જરૂર પડે છે, અને હાલમાં માત્ર થોડા જ સપ્લાયર્સ પાસેથી ખરીદે છે જેમ કે પ્રોસેસ વાયુઓ, વેટ કેમિકલ્સ, સ્લરીઝ અને એચન્ટ્સ. તેઓ સબસ્ટ્રેટ્સ અથવા પ્રિકર્સર્સ કરતા સ્થાનિકીકરણ માટે ઓછા ખર્ચાળ પણ છે. તેથી, અહીં ખર્ચવામાં આવેલો દરેક રૂપિયો અન્યત્ર કરતાં વધુ જોખમ ઘટાડે છે. ઈલેક્ટ્રોનિક ગ્રેડ મટિરિયલ્સ વિકસાવવા માટે મિશન હેઠળ તાજેતરની સ્થાનિક કેમિકલ ઈન્ડસ્ટ્રી ભાગીદારી એ સ્કેલ કરવા માટે યોગ્ય નમૂનો પૂરો પાડે છે અને મિશનની ડિઝાઈન બરાબર આ પ્રકારના પ્રવેશ માટે જગ્યા છોડે છે, પછી ભલે તે સ્થાનિક ઉત્પાદન અને લાયકાતનો પાયો શોધતા સ્થાપિત વૈશ્વિક મટિરિયલ્સ લીડર્સ સાથેના સંયુક્ત સાહસો દ્વારા હોય, અથવા સ્વતંત્ર રીતે ઈલેક્ટ્રોનિક ગ્રેડ ક્ષમતાનું નિર્માણ કરતી ભારતીય કેમિકલ અને ગેસ કંપનીઓ દ્વારા હોય. બંને માર્ગો વ્યાજબી છે અને, વ્યવહારમાં, પૂરક છે. JVs સાબિત થયેલું પ્રક્રિયા જ્ઞાન અને વૈશ્વિક ફેબના માપદંડો અનુસાર ઝડપી લાયકાત ચકાસણી લાવે છે, જ્યારે સ્વતંત્ર સ્થાનિક કંપનીઓ લાંબા ગાળે મોટા પાયે ક્ષેત્રને જરૂરી ઊંડી અને ટકા ક્ષમતાનો આધાર વિકસાવે છે. સેમિકોન ૨.૦ને બંને માટે ખુલ્લા આમંત્રણ તરીકે જોવું જોઈએ. ક્વોલિફિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બાઈન્ડિંગ કન્સ્ટ્રેઈન્ટ તરીકે ગણો. ફેબ્સ કડક કન્ટેમિનેશન અને સુસંગતતાના માપદંડો સામે આંકડાકીય રીતે માન્ય કરાયેલા રન્સ પછી જ સપ્લાયર્સને પુનઃ પાત્ર કરે છે, જે ઘણીવાર બહુવિધ ત્રિમાસિક ગાળાઓ સુધી ચાલે છે. સ્થાનિક પ્રવેશકર્તાઓ પાસે હાલમાં આને અસરકારક રીતે પૂર્ણ કરવા માટે સુલભ, આંતરરાષ્ટ્રીય સ્તરે બેન્ચમાર્ક થયેલ ટેસ્ટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ છે. આ મર્યાદિત પરિબળને પ્રતિબિંબિત કરે છે કે ઝડપી સ્થાનિકીકરણ પર ઘણીવાર ક્વોલિફિકેશન ક્ષમતા હોય છે, ઉત્પાદન ક્ષમતા નહીં. મટિરિયલ્સ અને ઈક્વિપમેન્ટ ઉત્પાદકોને સરકારી સહાય વિસ્તૃત કરવી જરૂરી છે પરંતુ તે પોતે અપર્યાપ્ત છે. પ્રોત્સાહનોને વાસ્તવિક યીલ્ડ અને ડિફેક્ટ ડેન્સિટી કામગીરીના પ્રદર્શન સાથે જોડવા અને સ્થાનિક સપ્લાયરોને ડાઉનસ્ટ્રીમ ફેબ તથા OSAT તરફથી ખરીદીની પ્રતિબદ્ધતાઓ સાથે ઈરાદાપૂર્વક સંકલિત કરવા જોઈએ. આ રીતે સહાયને વિશ્વસનીય અને લાયકાત પ્રાપ્ત પુરવઠા માટે ખરેખર મહત્ત્વપૂર્ણ પરિણામ સાથે જોડવામાં આવશે, માત્ર પ્રારંભિક ઉત્પાદન ક્ષમતાની જાહેરાતો સાથે નહીં.

ફેબ અને ATMP રોકાણ જરૂરી રહે છે કારણ કે તે મુખ્ય માંગ છે જે સ્થાનિક સામગ્રી ઉદ્યોગને વ્યાપારી રીતે સધ્ધર બનાવે છે. પરંતુ સેમિકન્ડક્ટર્સમાં વ્યૂહાત્મક સ્વાયત્તતા ઈમારતની માલિકી દ્વારા પ્રાપ્ત થતી નથી. તે સતત તેમાંથી પસાર થતા ઈનપુટ્સને નિયંત્રિત કરીને અથવા ઓછામાં ઓછા વૈવિધ્યીકરણ કરીને પ્રાપ્ત થાય છે. સેમિકોન ૨.૦નો મટિરિયલ્સ સ્તંભ એ સમસ્યાને સ્પષ્ટ રીતે લક્ષ્ય રાખતું પ્રથમ નીતિ સાધન છે અને તેની સફળતા કંપનીઓ (સંયુક્ત સાહસ દ્વારા પ્રવેશ કરતી વૈશ્વિક કંપનીઓ અને સ્વતંત્ર રીતે નિર્માણ કરતી સ્થાનિક ખેલાડીઓ) ખરેખર જગ્યા કબજે કરવા માટે કેવી રીતે આગળ વધે છે તેના પર નિર્ભર રહેશે.

> **સેમિકોન ૨.૦ને આ અંતર ઘટાડવા માટે એવી રીતે તૈયાર કરવામાં આવ્યું છે કે સાધનો, વિશિષ્ટ રસાયણો, ઔદ્યોગિક ગેસ અને સામગ્રીને એક અલગ પ્રોત્સાહન આધારસ્તંભ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે**

તો આપણે વાસ્તવિક પ્રગતિને કેવી રીતે માપી શકીએ?

જાહેર કરાયેલ નવી સુવિધાઓની ગણતરી કરીને નહીં. ટ્રેક કરવા માટેનો વાસ્તવિક આંકડો સરળ છે.

ભારતીય ફેબ્સ દ્વારા વહેતી કેટલી સામગ્રી એકવાર પૂર્ણ ક્ષમતા પર ચાલી રહી હોય, તે સ્થાનિક રીતે સ્રોત અને યોગ્ય રીતે લાયક બને છે. તે એકલ સંખ્યા શુદ્ધિકરણ અને લાયકાતના સખત તકનીકી કાર્યને મોટા વ્યૂહાત્મક ધ્યેય સાથે જોડે છે. આ સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનમાં સામગ્રી સાર્વભૌમત્વને વ્યાખ્યાયિત કરશે.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

### મેચ પછી કેપ્ટન શ્રેયસ ઐયરે આપ્યો મોટો સંકેત

## વૈભવ સૂર્યવંશીને પણ ત્રીજી મેચમાં તક મળી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬:** ભારતીય ટીમે અફઘાનિસ્તાન સામે સતત બે મેચ જીતીને સિરીઝ જીતી લીધી છે. ભારતે બીજી મેચમાં એક ફેરફાર કરવો પડ્યો. ઈજાને કારણે સિરીઝમાંથી બહાર થઈ ગયેલા વરુણ ચક્રવર્તીની જગ્યાએ રવિ બિશ્નોઈને ટીમમાં સામેલ કરવામાં આવ્યો.



સિરીઝ જીત્યા બાદ, શ્રેયસ ઐયરે કહ્યું કે ત્રીજી અને અંતિમ મેચમાં મોટા ફેરફાર કરી શકે છે. આનાથી બેન્ચ પર રહેલા વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાનો માર્ગ ખુલી શકે છે. સંજુ સેમસનની વાપસીનો અર્થ એ થયો કે વૈભવ સૂર્યવંશીને પહેલી બે મેચમાં તક મળી ન હતી. વૈભવે ઈંગ્લેન્ડ શ્રેણીમાં T20 ડેબ્યૂ કર્યું હતું અને ઝિમ્બાબ્વે સામે આખી સિરીઝ રમી હતી.

ભારતે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી T20 મેચમાં અફઘાનિસ્તાનને સાત વિકેટથી હરાવ્યું, ૨-૦થી લીડ મેળવી અને સિરીઝ જીતી લીધી. મેચ પછી, કેપ્ટન શ્રેયસ ઐયરે કહ્યું કે ટીમ ઈચ્છે છે કે બાજુ પર રહેલા ખેલાડીઓ પ્રેક્ટિસ કરે અને પરિસ્થિતિઓનો ઉપયોગ કરે.

ભારતીય કેપ્ટન શ્રેયસ ઐયરે ત્રીજી T20I માટે પ્લેઈંગ ઈલેવનમાં ફેરફારની શક્યતા વિશે વાત કરતા કહ્યું કે, અમે ચોક્કસપણે ઈચ્છીએ છીએ કે દરેક વ્યક્તિ પીચથી ટેવાઈ જાય અને થોડી પ્રેક્ટિસ કરે, તેથી જે ખેલાડીઓ બહાર બેઠા છે તેમને તક આપવાની આ એક સારી તક હશે.

શ્રેયસ ઐયરના નિવેદન મુજબ, વૈભવ સૂર્યવંશીને પણ ત્રીજી મેચમાં તક મળી શકે છે. સંજુ સેમસનના આવ્યા બાદ તે પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર છે. વૈભવ સૂર્યવંશી ઝિમ્બાબ્વે સામેની છેલ્લી T20I સિરીઝમાં રમ્યો હતો, જ્યાં તેને પ્લેયર ઓફ ધ સિરીઝ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો, પરંતુ હજુ સુધી ચાલુ સિરીઝમાં તક મળી નથી. સૂર્યવંશી અને સેમસન હજુ સુધી આંતરરાષ્ટ્રીય સ્તરે સાથે રમ્યા નથી. ઝિમ્બાબ્વે સામે સંજુને બહાર કર્યા પછી તેમને તક મળી.

સેમસને બીજી T20 માં જોરદાર પ્રદર્શન કર્યું, જેના કારણે તેને બહાર કાઢવાનું મુશ્કેલ બન્યું. તેણે ૨૨ બોલમાં ૫૭ રન બનાવ્યા. અભિષેક શર્મા સાથે મળીને તેણે પાવરપ્લેમાં ૮૨ રન બનાવ્યા. અભિષેક શર્માએ ૧૯ બોલમાં ૩૯ રન બનાવ્યા. અફઘાનિસ્તાન તરફથી રાશિદ ખાન સૌથી સફળ બોલર રહ્યો, તેણે ત્રણ વિકેટ લીધી. ઈશાન કિશને ૨૩ બોલમાં ૩૮ રન બનાવીને ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી.

### એશિયન ગેમ્સ માટે ભારતીય ટીમમાં મોટો ફેરફાર

## વરૂણ ચક્રવર્તી ઈજાને કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬:** વરૂણ ચક્રવર્તી ઈજાને કારણે એશિયન ગેમ્સમાંથી બહાર થઈ ગયો છે. તો હવે તેની જગ્યાએ એક નવા ખેલાડીને ટીમ ઈન્ડિયામાં તક મળી છે. રિપોર્ટ્સ અનુસાર વરૂણ ચક્રવર્તીના રિપ્લેસમેન્ટ તરીકે ઉત્તરપ્રદેશના વિપરાજ નિગમને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. બીસીસીઆઈ જલ્દી તેની જાહેરાત કરશે. મહત્વનું છે કે વિપરાજ નિગમ આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમે છે. વિપરાજ નિગમ લેગ સ્પિનર છે અને તે આઈપીએલ સિવાય યુપી ટી૨૦ લીગમાં સારૂ પ્રદર્શન કરી ચૂક્યો છે. યુપી ટી૨૦ લીગમાં વિપરાજે અત્યાર સુધી કુલ ૧૧ મેચમાં ૨૦ વિકેટ લઈ બધાને પ્રભાવિત કર્યા છે. ઓવરઓલ વિપરાગ નિગમે ટી૨૦મા અત્યાર સુધી ૩૪ વિકેટ લીધી છે. આઈપીએલમાં વિપરાજના નામે ૧૯ મેચમાં ૧૩ વિકેટ છે. હાલમાં તેણે શ્રીલંકા એ વિરુદ્ધ ૬૦ રન આપી ત્રણ વિકેટ મેળવી હતી.



એશિયન ગેમ્સ ૧૯ સપ્ટેમ્બરે જાપાનના આઈચી-નાયોગામાં શરૂ થશે. બીસીસીઆઈના એક સૂત્રએ નામ ન જણાવવાની વાત પર PTI ને જણાવ્યું- વરૂણ અનિશ્ચિત કાળ માટે બહાર થઈ ગયો છે, લાંબા લિસ્ટમાંથી વિપરાજ નિગમ અને કુલદીપ યાદવ બે ઉપલબ્ધ વિકલ્પ હતા. કુલદીપ આ મહિનાના અંતમાં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ વનડે મેચ રમશે. વરૂણ ચક્રવર્તી અફઘાનિસ્તાન વિરુદ્ધ ચાલી રહેલી ટી૨૦ સિરીઝની પ્રથમ મેચમાં ઈજા થયા બાદ બહાર થઈ ગયો હતો, હવે તે લાંબા સમય સુધી બહાર રહી શકે છે. બીજી તરફ વિપરાજ નિગમ પોતાની બેટિંગ ક્ષમતા માટે પણ જાણીતો છે. એશિયન ગેમ્સમાં પુરૂષોના ક્રિકેટ મુકાબલા ૨૪ સપ્ટેમ્બરથી શરૂ થશે.

## હું મશીન કે રોબોટ નથી, ખરાબ કમેન્ટ્સથી દુઃખ થાય : સંજુ સેમસન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬:** દિલ્હી ખાતે અફઘાનિસ્તાન સામે રમાયેલી બીજી T20 મેચમાં સંજુ સેમસને જે જવાબી ઈનિંગ્સની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તે પોતાના બેટથી રમી બતાવી છે. તેણે માત્ર ૨૨ બોલમાં ૫૭ રનની તોફાની અડધી સદી ફટકારીને ભારતની ૭ વિકેટથી થયેલી શાનદાર જીતમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. મેચ પૂર્ણ થયા બાદ સંજુએ પોતાની વિસ્ફોટક બેટિંગ ઉપરાંત તેની સામે થતી સતત આલોચનાઓ, સોશિયલ મીડિયા પર થતા બહારના અવાજો અને ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીની ટીમમાં પસંદગી અંગે ખુલીને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.



સંજુએ સ્વીકાર્યું કે ભારતીય ક્રિકેટરોની આસપાસ થતી અવિરત ચર્ચાઓ અને ટીકાઓથી બચવું સરળ નથી અને તેની અસર તેના પર પણ પડે છે. આ વિશે સંજુ સેમસને કહ્યું કે, "હું Wi-Fi બંધ રાખવાનો પ્રયાસ કરું છું, પરંતુ ક્યારેક Wi-Fi ઓન થઈ જાય છે અને સોશિયલ મીડિયા પર કેટલાક નેગેટિવ કમેન્ટ્સ સામે આવી જાય છે." પૂર્વ કે સિનિયર ખેલાડીઓની ટિપ્પણીઓ અંગે તેણે કહ્યું કે કેટલાક ખેલાડીઓ તેના વિશે બોલે છે અને કેટલાક નથી બોલતા, જે તેમની તે સમયની માનસિક સ્થિતિ અને પસંદગી પર નિર્ભર કરે છે; કોઈ સકારાત્મક શબ્દો વાપરે છે તો કોઈ નકારાત્મક. આ વિશે સંજુ સેમસને વધુમાં કહ્યું કે, "હું કોઈ મશીન કે રોબોટ નથી. તમે એક માણસ છો એટલે થોડી ઘણી અસર તો થાય જ છે અને ખરાબ પણ લાગે છે. પરંતુ ત્યારબાદ તમારે પોતાની જાત સાથે વાત કરવી પડે છે અને ખુદને યાદ અપાવવું પડે છે કે તમે કોણ છો અને તમારે મેદાન પર શું કરવાનું છે."

હાલના સમયમાં ઓપનિંગ સ્લોટ માટે ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીના દાવેદારીથી સંજુ સામે મોટો પડકાર ઊભો થયો છે. વૈભવે આ સિઝનમાં અંદાજે ૭૦૦થી ૮૦૦ રન ફટકારીને જોરદાર પ્રદર્શન કર્યું છે, જેનો ઉલ્લેખ સંજુએ પણ કર્યો હતો. આ વિશે સંજુએ સ્વીકાર્યું કે, "ભારતીય ટીમ ચલાવવી સહેલું કામ નથી. એક ૧૫ વર્ષના બાળકે સિઝનમાં ૭૦૦-૮૦૦ રન બનાવ્યા છે અને ટૂર્નામેન્ટ પહેલાં પણ ઉત્કૃષ્ટ રમત બતાવી હતી. તેથી તેને કોઈને કોઈ રીતે ટીમમાં તક આપવી અત્યંત સ્વાભાવિક અને જરૂરી હતું." સેમસને પોતાની ભૂલ સ્વીકારતાં કહ્યું કે તે પોતે અગાઉની ૨-૩ મેચોમાં સારું પ્રદર્શન કરી શક્યો નહોતો, જ્યારે વૈભવ શાનદાર ફોર્મમાં હતો અને સીરિઝ જીતવાના પ્રબળ ઈરાદા સાથે આવ્યો હતો. આવા સંજોગોમાં ટીમ મેનેજમેન્ટે તેને તક આપી તે યોગ્ય નિર્ણય હતો.

### રાહુલ ગાંધીએ ટ્રમ્પનું નામ લઈ વડાપ્રધાન પર સાધ્યું નિશાન

# મોદીજી હિંમત બતાવો, UPI ટેક્સ પાછો લો: રાહુલ ગાંધી

**રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકી જવાનો આરોપ લગાવ્યો અને આ પ્રસ્તાવિત ટેક્સ તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી**




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬**

કેન્દ્ર સરકાર દ્વારા ૧૫ ઓક્ટોબરથી રૂ.૨,૦૦૦થી વધુના મર્ચન્ટ UPI વ્યવહારો પર ૦.૪% મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ લાગુ કરવાના નિર્ણય સામે વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ આક્રમક વલણ અપનાવ્યું છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકી જવાનો ગંભીર આરોપ લગાવતા આ પ્રસ્તાવિત ટેક્સ તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી છે.

રાહુલ ગાંધીએ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના એક ઐતિહાસિક કિસ્સાને ટાંકીને પીએમ મોદી પર આકરો કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે, ઈન્દિરાજીને એકવાર પૂછવામાં આવ્યું હતું કે તેઓ ડાબે ઝૂકે છે કે જમણે? ત્યારે તેમણે કહ્યું હતું કે હું ટટ્ટાર ઊભી રહું છું. પરંતુ મોદીજીનો કન્સેપ્ટ સાવ અલગ છે. તેઓ ન તો લેફ્ટ છે કે ન તો રાઈટ; તેમણે સીધા ડોનાલ્ડ ટ્રમ્પ સામે નતમસ્તક થઈ જવાનો નિર્ણય કર્યો છે. મોદીજી, કૃપા કરીને અમેરિકા સામે ઝૂકવાનું બંધ કરો, થોડી હિંમત બતાવો, ટટ્ટાર ઊભા રહો અને આ UPI ટેક્સ પાછો લો. UPI પર ટેક્સ લાદીને સરકારે દરેક ભારતીય પર બોજ નાખ્યો છે અને અમેરિકન કંપનીઓને ભારે કમાણી કરવાની તક આપી દીધી છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વિગતવાર પોસ્ટ શેર કરીને આક્ષેપ કર્યો કે સરકારે ગુપચુપ રીતે UPI પર ચાર્જ લગાવવાનો રસ્તો ખોલી દીધો છે. સરકારનો દાવો છે કે માત્ર રૂ.૨,૦૦૦ થી ઉપરના ટ્રાન્ઝેક્શન પર જ ચાર્જ લાગશે, જેની સંખ્યા કુલ વ્યવહારોમાં માત્ર ૫% છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે UPIની કુલ વ્યવહાર મૂલ્યનો આશરે ૬૫% હિસ્સો આ ૫% ટ્રાન્ઝેક્શન્સમાં જ સમાયેલો છે. સરકારે કહ્યું છે કે ગ્રાહક પાસેથી કોઈ ફી નહીં લેવાય, પણ દુકાનદાર પર લાદવામાં આવેલી ફી આખરે ચીજવસ્તુઓની કિંમતોમાં ઉમેરાઈને સામાન્ય ગ્રાહકના ખિસ્સામાંથી જ નીકળશે.

રાહુલ ગાંધીએ સીધો પ્રહાર કરતાં જણાવ્યું કે અમેરિકન પેમેન્ટ કંપનીઓ લાંબા સમયથી ભારતની 'ઝીરો-MDR' નીતિનો વિરોધ કરી રહી હતી. હવે સરકારે આ નીતિ બદલીને તેમના દબાણ સામે આત્મસમર્પણ કર્યું છે. જેમ યુએસ ટ્રેડ ડીલમાં દબાણ આવ્યું હતું, તેવી જ રીતે પીએમ મોદીએ ફરી એકવાર અમેરિકા સામે શરણાગતિ સ્વીકારી લીધી છે.

સરકાર તરફથી એવી દલીલ કરવામાં આવી રહી છે કે UPI સિસ્ટમ ચલાવવા માટે વાર્ષિક આશરે રૂ.૨૦,૭૦૦ કરોડની જરૂર પડે છે અને સરકાર પાસે આટલો ખર્ચ ઉઠાવવાના પૈસા નથી. તેના જવાબમાં કોંગ્રેસે આંકડાકીય વિગતો રજૂ કરી છે:

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતીય રિઝર્વ બેંકે કેન્દ્ર સરકારને રૂ.૩ લાખ કરોડ સરપ્લસ ટ્રાન્સફર કર્યા છે.

દેશની લિસ્ટેડ બેંકોનો કુલ નફો રૂ.૪.૧૧ લાખ કરોડથી વધુ રહ્યો છે.

UPIનું સંચાલન કરતી NPCI નો પ્રી-ટેક્સ નફો રૂ.૧,૮૮૮ કરોડ છે.

એટલે કે RBI દ્વારા સરકારને અપાયેલા નાણાંના માત્ર ૭.૨% હિસ્સાથી સમગ્ર UPI સિસ્ટમ વિનામૂલ્યે ચલાવી શકાય તેમ છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો કે સરકારે આ મામલે સંસદમાં પણ અસત્ય રજૂ કર્યું છે.

### UPI ચાર્જ પર વિપક્ષના હોબાળા બાદ કેન્દ્રનો બચાવ

## કોઈ વિદેશી દબાણ નથી, સિસ્ટમ સ્વનિર્ભર થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬:** UPI ટ્રાન્ઝેક્શન્સ પર ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬થી અમલમાં આવનારા નવા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR)ને લઈને શરૂ થયેલા રાજકીય વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે સત્તાવાર સ્પષ્ટતા કરી છે. વિપક્ષી પક્ષ કોંગ્રેસ દ્વારા અમેરિકન કાર્ડ કંપનીઓને લાભ પહોંચાડવા અને વિદેશી દબાણ હેઠળ આ ચાર્જ લાદવામાં આવ્યો હોવાના આક્ષેપોને નાણા મંત્રાલયે સ્પષ્ટપણે ફગાવી દીધા છે.

સરકાર આ મુદ્દે હાલ બેકફૂટ પર છે ત્યારે નાણા મંત્રાલયે સફાઈ આપી છે કે ભારત પોતાના નીતિગત નિર્ણયો સ્વાયત્ત રીતે લે છે અને આ નિર્ણય ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને ટકાઉ, સુરક્ષિત અને આત્મનિર્ભર બનાવવા માટે લેવામાં આવ્યો છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ જયરામ રમેશના નિવેદન બાદ થઈ હતી. જયરામ રમેશે આક્ષેપ કર્યો હતો કે શૂન્ય MDRની વ્યવસ્થા ખતમ કરવાનો નિર્ણય અમેરિકન માંગણીઓ સામે ઝૂકીને લેવામાં આવ્યો છે, જેથી માસ્ટરકાર્ડ અને વિઝા જેવી અમેરિકન કાર્ડ કંપનીઓને UPI સામે હરીફાઈમાં લાભ મળે.

વિપક્ષના આક્ષેપો પર પ્રતિક્રિયા આપતાં નાણા મંત્રાલયે કહ્યું કે, ભારત સરકારના નિર્ણયોને કોઈ વિદેશી દબાણ સાથે લેવાદેવા નથી. તેનો હેતુ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને સર્વસમાવેશી અને આર્થિક રીતે ટકાઉ બનાવવાનો છે.

નોંધનીય છે કે વર્ષ ૨૦૧૬માં શરૂ થયેલું UPI આજે વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઈમ પેમેન્ટ સિસ્ટમ બની ચૂક્યું છે. એકલા ઓગસ્ટ ૨૦૨૬માં જ UPI મારફતે ૨૪.૫ અબજ વ્યવહારો નોંધાયા હતા.

**સામાન્ય ગ્રાહકો અને ૯૫% વ્યવહારો સંપૂર્ણ ફ્રી રહેશેઃ સરકારનો દાવો**

નાણા મંત્રાલયે ફરી દાવો કર્યો છે કે, સામાન્ય જનતાના ખિસ્સા પર આ નિર્ણયની કોઈ જ અસર પડશે નહીં.

**P2P ટ્રાન્સફરઃ** પરિવાર કે મિત્રોને નાણાં મોકલવા કાયમ માટે ૧૦૦% મફત રહેશે, પછી ભલે રકમ ગમે તેટલી હોય.

**દુકાનો પર ખરીદીઃ** ગ્રાહક ગમે તેટલી રકમનો સામાન ખરીદીને QR કોડ સ્કેન કરશે તો પણ તેના ખાતામાંથી વધારાનો ૧ રૂપિયો પણ કપાશે નહીં.

**બૅન્કોને સખત સૂચનાઃ** બૅન્કોને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે વેપારીઓ આ ચાર્જનો બોજ ગ્રાહકો પર પાસ ન કરે. તેમજ કોઈ પણ UPI એપ વધારાની પ્લેટફોર્મ ફી વસૂલી શકશે નહીં.

**નાના વેપારીઓને રાહતઃ** દર મહિને રૂ.૧,૦૦,૦૦૦ સુધીનું UPI પેમેન્ટ મેળવતા નાના દુકાનદારો માટે MDR શૂન્ય રહેશે. દેશમાં ૯૫% થી વધુ વેપારી વ્યવહારો રૂ.૨,૦૦૦ થી નીચેના હોવાથી તેના પર કોઈ ચાર્જ લાગશે નહીં.

## મક્કા નજીક ડ્રોન એટેકથી ભારત ચિંતિત, શાંતિની અપીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬**

સાઉદી અરેબિયાના પવિત્ર શહેર મક્કા નજીક થયેલા ડ્રોન હુમલાને લઈને ભારતે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા રણધીર જાયસ્વાલે જણાવ્યું કે, સાઉદી અરેબિયાની સાર્વભૌમ સીમા પર થતા હુમલાઓ તેમજ સામાન્ય નાગરિકોના જીવન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જોખમમાં મૂકતી આવી ઘટનાઓની ભારત આકરા શબ્દોમાં નિંદા કરે છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું કે, 'મક્કા નજીક બનેલી આ ઘટના વિશેષ રૂપે ચિંતાજનક છે, કારણ કે સમગ્ર વિશ્વના કરોડો મુસ્લિમો માટે આ શહેરનું અદકેરું ધાર્મિક મહત્વ રહેલું છે. સામાન્ય જનજીવન અને નાગરિક સુવિધાઓને નિશાન બનાવતી કોઈપણ હિંસા સ્વીકાર્ય નથી.' પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે ભારતે આ વિસ્તારમાં ઝડપથી શાંતિ સ્થાપવાની અપીલ કરી છે. રણધીર જાયસ્વાલે આશા વ્યક્ત કરી હતી કે, સમગ્ર ક્ષેત્રમાં ટૂંક સમયમાં સ્થિતિ સામાન્ય બનશે અને શાંતિ તથા સ્થિરતા પુનઃસ્થાપિત થશે.

સાઉદી અરેબિયા અને હૂથી વિદ્રોહીઓ વચ્ચે સંઘર્ષ સતત તીવ્ર બની રહ્યો છે. હૂથી જૂથે દક્ષિણ સાઉદી અરેબિયાના ખમીસ મુશૈત, અબહા અને તાઈફ જેવા શહેરોમાં નાગરિક અને સૈન્ય વિસ્તારોને નિશાન બનાવી નવા મિસાઈલ તેમજ ડ્રોન હુમલા કર્યા હતા. આ તાજેતરના હુમલાઓમાં ૧૩ સામાન્ય નાગરિકો ઘાયલ થયા છે, રહેણાંક મકાનોને નુકસાન પહોંચ્યું છે અને કિંગ ખાલિદ એરબેઝ નજીક આગ લાગવાની ઘટના પણ સામે આવી છે.

### મહારાષ્ટ્ર, યુપીથી પંજાબ સુધી ગયા બાદ હવે ગુજરાતનો વારો

## કોકરોચ ચલાવશે સ્કૂલ ઠીક કરો અભિયાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬**

દેશભરની સરકારી શાળાઓની વાસ્તવિક સ્થિતિ સામે લાવવા માટે શરૂ કરાયેલું કોકરોચ જનતા પાર્ટી (CJP)નું સ્કૂલ ઠીક કરો અભિયાન હવે ચર્ચાના કેન્દ્રમાં છે. મહારાષ્ટ્રના એક ગામથી શરૂ થયેલી આ અભિયાન હવે અનેક રાજ્યો સુધી પહોંચી ચૂક્યું છે. આ દરમિયાન CJPના સંસ્થાપક અભિજિત દીપકેએ ગુજરાતને લઈને એવો સંકેત આપ્યો છે કે, જેનાથી માનવામાં આવી રહ્યું છે કે આ અભિયાનનો આગામી પડાવ ગુજરાત હોઈ શકે છે.

CJP એ આ અભિયાનની શરૂઆત ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લાના સંતુક પિંપરી ગામથી કરી હતી. અહીં સ્કૂલમાં શૌચાલયમાં પાણીની વ્યવસ્થા ન હોવી, તૂટેલી બારીઓ અને પૂરતી બેન્ચો ન હોવાની બાબતો સામે આવી હતી. જોકે, બાદમાં ત્યાં રિપેરિંગનું કામ શરૂ થયું અને પહેલીવાર કોમ્પ્યુટર પણ પહોંચ્યું. આ ઉપરાંત મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં પણ આ અભિયાનને લઈને વિવાદો અને પોલીસ કેસ સામે આવ્યા હતા.

**રાજસ્થાનઃ** જયપુરની સરકારી પ્રાથમિક શાળાની જર્જરિત ઈમારતનો મુદ્દો સૌથી વધુ ચર્ચાયો હતો. CJPના નિરીક્ષણ બાદ તંત્ર હરકતમાં આવ્યું અને નવી બિલ્ડીંગ માટે ૧૮ લાખ રૂપિયાની વ્યવસ્થા કરીને જૂની બિલ્ડીંગ પાડી દેવામાં આવી.

**હરિયાણાઃ** ભિવાનીની એક શાળામાં મિડ-ડે મિલના અનાજમાં જીવાત અને ખરાબ શૌચાલય મળ્યા બાદ શિક્ષિકાને સસ્પેન્ડ કરવામાં આવ્યા અને સરકારે ૨૮૧૪ અસુરક્ષિત બિલ્ડીંગને પાડવાનો આદેશ આપ્યો.

**પશ્ચિમ બંગાળઃ** બાંકુડા જિલ્લામાં શાળાઓની સ્થિતિ સામે લાવ્યા બાદ હિંસા અને એક વ્યક્તિના મૃત્યુનો ગંભીર માહોલ પણ સામે આવ્યો હતો.

**કર્ણાટકઃ** બેંગલુરુમાં છતની ખરાબ હાલત અને શિક્ષકોની ઘટ જેવા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા, ત્યારબાદ મંત્રી સાથે મુલાકાત બાદ રિપેરિંગનું કામ શરૂ થયું હતું.

**પંજાબઃ** અહીં લુધિયાણાની શાળાઓમાં સ્કૂલ ઓફ એમીનેન્સ જેવી જગ્યાએ આધુનિક સુવિધાઓ (સ્વિમિંગ પુલ, AI લેબ) જોઈને CJP ટીમ દ્વારા પ્રશંસા પણ કરવામાં આવી હતી.

**ઉત્તર પ્રદેશઃ** નોઈડામાં શાળાઓના નિરીક્ષણ દરમિયાન CJP ટીમ અને પ્રશાસન વચ્ચે ગેટ બંધ રાખવા અને પ્રવેશ ન આપવા બાબતે તણાવ જોવા મળ્યો હતો.

## ૧૦૦% ટેરિફની ધમકી પર ભારતનું નિવેદન: 'અમેરિકાએ જે કરવું હોય કરે, અમે રશિયા પાસેથી ઓઈલ ખરીદતા રહીશુ'

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬**

રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ (કાચું ઓઈલ) ખરીદતા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવા માટે અમેરિકા કાયદો બનાવવાની પ્રક્રિયા ઝડપી બનાવી રહ્યું છે. જોકે, અમેરિકાની આ ખુલ્લી ધમકી અને દબાણ છતાં ભારતે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. ભારતે જાહેરાત કરી છે કે અમેરિકા ભલે ગમે તેટલા કડક નિયમો લાવે, ભારત પોતાના દેશવાસીઓના હિત માટે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ચાલુ જ રાખશે અને કોઈ પણ દબાણ સામે ઝૂકશે નહીં. ઐતિહાસિક વારસો જુઓ ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો સાથે જોડાયેલા તમામ નિર્ણયો પોતાના ૧૪૦ કરોડ નાગરિકોના હિતોને ધ્યાનમાં રાખીને જ લે છે. ભારત સરકાર આ નીતિ પર આગળ પણ અડગ રહેશે અને અમેરિકાના ટેરિફથી પોતાની ઓઈલ ખરીદીની નીતિમાં કોઈ ફેરફાર કરશે નહીં. અમેરિકામાં આ કાયદાને 'લિન્ડસે ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન બિલ' નામ આપવામાં આવ્યું



છે. અમેરિકન સેનેટમાં ૮૯-૧૧ ની ભારે બહુમતીથી આ બિલ પસાર થઈ ચૂક્યું છે અને ગુરુવારે તેને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (નિચલા ગૃહ) માં વોટિંગ માટે લાવવામાં આવશે. આ બિલનો મુખ્ય હેતુ રશિયા પાસેથી સૌથી વધુ ઓઈલ ખરીદતા ભારત અને ચીન જેવા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ ઠોકી બેસાડવાનો છે. ઐતિહાસિક વારસો જુઓ રિપોર્ટ્સ મુજબ, કેટલાક અમેરિકી સાંસદોએ માંગ કરી છે કે બિલમાં રશિયા પાસેથી ઓઈલ ખરીદતા ટોચના ૧૦ દેશોના નામો સ્પષ્ટપણે લખવામાં આવે. આ યાદીમાં ભારત, ચીન, તુર્કી, અઝરબૈજાન, હંગેરી, યુએઈ અને સિંગાપોર જેવા દેશોનો સમાવેશ થાય છે. સાંસદોએ ભારતનું નામ અલગથી ઉમેરીને તેના પર સીધો ૧૦૦ ટકા પ્રતિબંધ કે ટેરિફ લાદવાની ભલામણ કરી છે. અમેરિકા એવો દાવો કરી રહ્યું છે કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદીને યુક્રેન યુદ્ધમાં રશિયાને આર્થિક મદદ પૂરી પાડી રહ્યું છે. આ જ બહાને અમેરિકાએ ગયા વર્ષે પણ ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો હતો. આમ છતાં, ભારતે તે સમયે પણ સ્પષ્ટ કર્યું હતું કે દેશના રાષ્ટ્રીય હિત અને ઊર્જા સુરક્ષા માટે જે જરૂરી હશે તે તમામ પગલાં ભારત ભરતું જ રહેશે.

# અરબ સાગરમાં ભારતીય યુદ્ધજહાજ સાથે અથડાયું પાકિસ્તાની નેવીનું જહાજ: ભારતે નોંધાવ્યો ઉગ્ર વિરોધ



## આંતરરાષ્ટ્રીય જળસીમામાં પાકિસ્તાની જહાજની અસુરક્ષિત હરકતને કારણે ઘટના બની : સદનસીબે મોટું નુકસાન થયું નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬**

અરબ સાગરમાં આંતરરાષ્ટ્રીય જળસીમાની અંદર એક અત્યંત સંવેદનશીલ અને જોખમી ઘટના સામે આવી છે. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬ની સાંજે નિયમિત પેટ્રોલિંગ પર રહેલા ભારતીય નૌકાદળના અગ્રણી યુદ્ધજહાજ નજીક પાકિસ્તાની નૌકાદળનું એક જહાજ અત્યંત ઝડપે અને જોખમી રીતે આવી પહોંચ્યું હતું.

પાકિસ્તાની જહાજના અનપ્રોફેશનલ અને અસુરક્ષિત સંચાલનને કારણે બંને યુદ્ધજહાજો વચ્ચે ટક્કર થઈ હતી. જોકે, રાહતની વાત એ છે કે આ અથડામણમાં કોઈ મોટું નુકસાન થયું નથી.

અહેવાલ અનુસાર ૧૫ સપ્ટેમ્બરની સાંજે ભારતીય નૌકાદળનું અગ્રણી યુદ્ધજહાજ ઉત્તર અરબી સમુદ્રમાં નિયમિત સર્વેલન્સ મિશન પર હતું. તે દરમિયાન પાકિસ્તાન નેવીનું એક જહાજ અત્યંત હાઈ-સ્પીડ સાથે ભારતીય જહાજ તરફ ધસી આવ્યું હતું. સમુદ્રી નિયમોની વિરુદ્ધ જઈને કરવામાં આવેલા અસુરક્ષિત દાવપેચને પગલે બંને જહાજો વચ્ચે અથડામણ સર્જાઈ હતી. આ ઘટના આંતરરાષ્ટ્રીય જળસીમામાં બની હતી અને સદનસીબે બંને પક્ષે કોઈ મોટું નુકસાન નોંધાયું નથી.

પાકિસ્તાની નૌકાદળની આ અસ્વીકાર્ય હરકત સામે ભારતના વિદેશ મંત્રાલયે કડક વલણ અપનાવ્યું છે. નવી દિલ્હી ખાતે આવેલા પાકિસ્તાન હાઈકમિશનના પ્રભારીને વિદેશ મંત્રાલયમાં બોલાવવામાં આવ્યા હતા. વિદેશ મંત્રાલયે સમુદ્રમાં પાકિસ્તાની નૌકાદળના અસ્વીકાર્ય વર્તન સામે તેમની સમક્ષ આકરો વિરોધ નોંધાવ્યો હતો.

વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આંતરરાષ્ટ્રીય જળસીમામાં બનેલી આ ઘટનામાં પાકિસ્તાની જહાજનું વલણ બંને દેશો વચ્ચે થયેલા કરારની વિરુદ્ધ હતું. આ ઘટના એપ્રિલ ૧૯૯૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી કવાયતો, દાવપેચ અને સૈનિકોની હિલચાલ અંગે આગોતરી માહિતી આપવા માટે થયેલા દ્વિપક્ષીય કરારની કલમ ૧૦નું સીધું ઉલ્લંઘન છે. પાકિસ્તાનના રાજદૂતને તાકીદ કરવામાં આવી છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે તમામ લશ્કરી એકમો સાવચેતી રાખે અને પરસ્પર કરારોનું સન્માન કરે.

આ વિવાદ માત્ર દિલ્હી સુધી સીમિત નથી રહ્યો. ભારતના વિદેશ મંત્રાલયે પાકિસ્તાનના ઈસ્લામાબાદ ખાતે સ્થિત ભારતીય હાઈકમિશનના પ્રભારીને પણ ખાસ સૂચના આપી છે. ભારતીય રાજદ્વારીને પાકિસ્તાનના વિદેશ મંત્રાલય સમક્ષ સત્તાવાર રીતે આ જ પ્રકારનો સખત વિરોધ નોંધાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

# સૂડાનમાં સોનાની ખાણ ધસી પડતા ૬૦ લોકોના જીવ ગયા: અનેક લોકો ગૂમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સૂડાન, તા.૧૬**

ઉત્તરપૂર્વ આફ્રીકી દેશ સૂડાનના વેસ્ટ કોર્ડોફોનમાં એક મોટી દુર્ઘટના ઘટી. અલ નુહુદ શહેરના ઉત્તરમાં એક વિસ્તારમાં સોનાની ખાણ ધસી પડી. જેના કારણે ૬૦ લોકોના મોત થઈ ગયા અને અનેક લોકો ગુમ થયા હોવાનું કહેવાય છે. સૂડાન આફ્રીકામાં સોનું પેદા કરનારા સૌથી મોટા દેશોની યાદીમાં ટોપ પર છે. અહીં આ અગાઉ પણ અનેક દુર્ઘટનાઓ ઘટી ચૂકી છે.

રોયટર્સના રિપોર્ટ મુજબ બુધવારે ૧૬ સપ્ટેમ્બરના રોજ ત્રણ સ્થાનિક સૂત્રોએ જણાવ્યું કે સૂડાનના વેસ્ટ કોર્ડોફોનમાં અલ નુહુદ શહેર પાસે રવિવારે સોનાની ખાણ ધસી પડી.

અત્યાર સુધીમાં ૬૦ મૃતદેહો મળી આવ્યા છે. સૂડાનમાં મોટાભાગે સોનું ખતરનાક પરંપરાગત ખનન પદ્ધતિથી કાઢવામાં આવે છે અને ત્યારબાદ દેશમાંથી ગેરકાયદેસર રીતે વેચવામાં આવે છે. તેની તસ્કરી પણ થાય છે. સોનું કાઢવાની પરંપરાગત રીત ખુબ ખતરનાક પણ છે. જેના કારણે દુર્ઘટનાની



સંભાવના વધુ રહે છે.

સૂડાનમાં મોટાભાગની સોનાની ખાણોમાં સુરક્ષાના નિયમોને ધ્યાનમાં રાખવામાં આવતા નથી કે બચવા માટે કોઈ સાધનો પણ હાજર નથી. જેના કારણે દુર્ઘટના સમયે મૃત્યુઆંક વધુ થાય છે. સૂડાનની અનેક સોનાની ખાણો વેસ્ટ કોર્ડોફોન અર્ધસૈનિક દળ રેપિડ સપોર્ટ ફોર્સિસના તાબા હેઠળ છે. જેના માટે આ કમાણીનું મોટું સાધન છે. પરંતુ ખાણોમાં કામ કરી રહેલા મજૂરોની સુરક્ષા માટે કોઈ પગલાં ભરવામાં આવતા નથી.

અત્રે જણાવવાનું કે યુદ્ધ અને તબાહીનો માર ઝેલી રહેલા સૂડાનમા લોકો સુરક્ષા માટેના માપદંડોને બાજુમાં રાખીને ખાણોમાં કામ કરતા હોય છે. સૂડાનની વોર ઈકોનોમી હાલના સમયમાં સંપૂર્ણ રીતે સોનાની તસ્કરી અને આ જીવલેણ ખેલ પર ટકેલી છે. યુનાઈટેડ નેશન્સના વિશેષજ્ઞોની પેનલના એક રિપોર્ટ મુજબ સૂડાનમાંથી કાઢવામાં આતું ૫૦ટકાથી વધુ સોનું સત્તાવાર ચેનલોની જગ્યાએ ગેરકાયદેસર રીતે દેશમાંથી બહાર તસ્કરી થાય છે. આ સોનાની તસ્કરીનો ઉપયોગ ખાસ કરીને યુદ્ધ માટે હથિયારો અને ફંડ ભેગુ કરવા થાય છે.

# મહાયુદ્ધના ભણકારાં વચ્ચે અમેરિકા-ઈઝરાયલ અને આઠ અરબ દેશોના સૈન્ય પ્રમુખો વચ્ચે સીક્રેટ મીટિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૬**

ઈરાન સાથે ચાલી રહેલા તણાવ અને હૂથી હુમલાઓના વધતા જોખમ વચ્ચે અમેરિકા, ઈઝરાયલ અને ૮ અરબ દેશોના સૈન્ય પ્રમુખોની એક અત્યંત મહત્ત્વપૂર્ણ બેઠક જર્મનીમાં યોજાઈ છે. ગત અઠવાડિયે મળેલી આ ગુપ્ત બેઠકમાં મધ્ય પૂર્વમાં સુરક્ષા સહયોગ વધારવા અને વર્તમાન કટોકટી અંગે ચર્ચા કરવામાં આવી હતી.એક મીડિયા રિપોર્ટ મુજબ, આ બેઠકનું આયોજન અમેરિકાના સેન્ટકોમ કમાન્ડર એડમિરલ બ્રાડ કૂપરે કર્યું હતું. આ બેઠકમાં ઈઝરાયલ ઉપરાંત સાઉદી અરેબિયા, યુનાઈટેડ આરબ એમિરેટ્સ (UAE), બહેરીન, કુવૈત, કતાર, જોર્ડન અને ઈજીપ્તના ટોચના સૈન્ય કમાન્ડરો સામેલ થયા હતા. ખાસ વાત એ છે કે આમાં કેટલાક એવા અરબ દેશો પણ સામેલ હતા, જેમના ઈઝરાયલ સાથે રાજદ્વારી સંબંધો નથી. અમેરિકાએ આ બેઠકમાં સ્પષ્ટ કર્યું છે કે ઈરાની હુમલાઓ છતાં તે મધ્ય પૂર્વમાંથી પોતાની સેના હટાવવાની કોઈ યોજના ધરાવતું નથી.વર્ષ ૨૦૨૦ના અબ્રાહમ કરાર બાદ ઈઝરાયલ અને અરબ દેશો વચ્ચે સૈન્ય સહયોગ સતત વધી રહ્યો છે. ઈરાન સાથેના સંઘર્ષ દરમિયાન ઈઝરાયલે UAEને આયર્ન ડૉમ સિસ્ટમ અને તેને સંચાલિત કરવા માટે પોતાના કર્મચારીઓ મોકલવાની સાથે રિયલ-ટાઈમ ઈન્ટેલિજન્સ અને સર્વેલન્સ (ISR) જેવી મદદ પણ પૂરી પાડી છે. હાલમાં, હૂથીઓ દ્વારા વધી રહેલા હુમલાઓના પગલે સેન્ટકૉમના માધ્યમથી ઈઝરાયલ અને સાઉદી અરેબિયા વચ્ચે પણ ચર્ચાઓ ચાલી રહી છે કે ઈઝરાયલ કઈ રીતે સાઉદી સૈન્ય ઓપરેશન્સમાં મદદરૂપ બની શકે છે.

## વર્તમાન પ્રવાહ CORPORATE NEWS

# ડી બિયર્સે હોમો ફેબર ૨૦૨૬માં માબેઓ સ્ટુડિયો અને બોત્સ્વાના સ્થિત માસ્ટર બાસ્કેટ વેવર શકુનોના પારાતા સાથે સહયોગ કર્યો



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૧૬:** ડી બિયર્સ હોમો ફેબર ૨૦૨૬માં પોતાની ભાગીદારી આગળ વધારતાં બોત્સ્વાના સ્થિત માસ્ટર બાસ્કેટ વેવર શકુનોના પારાતાને સહયોગ આપી રહ્યું છે. પારાતા અહીં પોતાની બાસ્કેટ બનાવવાની કળાનું જીવંત પ્રદર્શન કરશે અને બ્યુલાહ સેરેમા તથા માબેઓ સ્ટુડિયોના પીટર માબેઓ સાથે મળીને તૈયાર કરેલી નવી શિલ્પકૃતિ રજૂ કરશે. બોત્સ્વાનામાં સ્થિત માબેઓ સ્ટુડિયો હસ્તકળા, ડિઝાઈન અને સંસ્કૃતિના સંગમને કેન્દ્રમાં રાખીને કામ કરે છે. આ સ્ટુડિયો કારીગરો સાથે મળીને સ્થાનિક સામગ્રી, સાંસ્કૃતિક વારસા અને કારીગરી પ્રત્યેના ઊંડા સન્માનને આધારે આધુનિક કૃતિઓ તૈયાર કરે છે.

ડી બિયર્સના નેચરલ ડાયમન્ડ્સના જનરલ મેનેજર લિન સર્ફેટીએ જણાવ્યું હતું કે, 'હોમો ફેબરમાં શકુનોના પારાતાનું કામ એવી કારીગરી, સમર્પણ અને વારસાને દર્શાવે છે, આ વર્ષના હોમો ફેબરના ભાગરૂપે બ્યુલાહ સેરેમા અને માબેઓ સ્ટુડિયોના પીટર માબેઓ સાથેના તેમના સહયોગને સહયોગ આપતાં અમને આનંદ થાય છે.'

કલાત્મક નિર્દેશક એસ ડેવલિનના માર્ગદર્શન હેઠળ આ વર્ષના હોમો ફેબરનો વિષય 'એન આઈલેન્ડ ઑફ લાઈટ' છે, જેમાં પ્રકાશ, મટિરિયલ અને સર્જનાત્મકતા વચ્ચેના પરસ્પર સંબંધને રજૂ કરવામાં આવ્યો છે. આ સમગ્ર અનુભવમાં વિશ્વભરના હસ્તકળાકારોની કૃતિઓને કેન્દ્રસ્થાને રાખવામાં આવી છે. કારીગર, તેની સામગ્રી, સાધનો અને કામ કરવાની પ્રક્રિયા પર હોમો ફેબરના ધ્યાનને અનુરૂપ પારાતા 'અ રૂટેડ એસેન્ટ' રૂમમાં જીવંત બાસ્કેટ વણવાની કળાનું પ્રદર્શન કરશે. આ સાથે તે માબેઓ સ્ટુડિયો સાથે મળીને તૈયાર કરેલી નવી શિલ્પકૃતિ 'ડિવારે' પણ રજૂ કરશે.



શ્રીયાએ ગણેશોત્સવ સાથે જોડાયેલી પરિવારની પરંપરાઓ યાદ કરી

# 'ગણેશ ચતુર્થી આશા અને આનંદ લઈને આવે છે' : શ્રીયા પિલગાંવકર



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૬:** મહારાષ્ટ્રીયન પરિવારમાં ઉછરેલી અભિનેત્રી શ્રીયા પિલગાંવકર માટે ગણેશ ચતુર્થી માત્ર ધાર્મિક તહેવાર નથી, પરંતુ પરિવાર, પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાવાનો અવસર છે. આ વર્ષે 'મિર્ઝાપુર: ધ મૂવી' અને 'હૈવાન' જેવી બે ફિલ્મોની રિલીઝ બાદ ગણેશોત્સવ શ્રીયા માટે વધુ ખાસ બન્યો છે. ગણેશ ચતુર્થીના અવસરે વાત કરતાં તેણે કહ્યું કે આ તહેવાર મહારાષ્ટ્રની સંસ્કૃતિ, ઇતિહાસ, સમુદાય અને સામૂહિક ભાવનાની ઉજવણી પણ છે.મુંબઈમાં ગણેશોત્સવ દરમિયાન સર્જાતા માહોલ વિશે શ્રીયાએ કહ્યું, ''આ એવો સમય હોય છે જ્યારે આખું શહેર એકસાથે આવીને ગણપતિ સાથે જોડાયેલી દરેક બાબતની ઉજવણી કરે છે. શહેરને જીવંત બનતું જોવું ખૂબ સુંદર લાગે છે. ગણેશ ચતુર્થી પોતાની સાથે ખૂબ ઊર્જા, આશા, ઉજવણી અને આનંદ લઈને આવે છે.''અભિનેત્રી સચિન પિલગાંવકર અને સુપ્રિયા પિલગાંવકરની પુત્રી શ્રીયાના પરિવારમાં ગણેશ ચતુર્થીની લાંબા સમયથી ચાલી આવતી પરંપરા છે. દિવસની શરૂઆત સિદ્ધિવિનાયક મંદિરમાં આરતીથી થાય છે. ત્યારબાદ પરિવાર સચિનના પક્ષના સંબંધીઓ સાથે દાદરમાં ઉજવણી કરે છે અને પછી સુપ્રિયાના પરિવારને મળે છે.બાળપણની યાદો વાગોળતાં શ્રીયાએ કહ્યું કે ગણેશ ચતુર્થી દરમિયાન આખો પરિવાર એકત્ર થતો, ઘરમાં સ્વાદિષ્ટ ભોજન અને સંગીતનું વાતાવરણ રહેતું અને વડીલો તથા દાદા-દાદી પોતાના બાળપણની વાતો સંભળાવતા. તેમના મતે આ પરંપરાઓ એક પેઢીમાંથી બીજી પેઢી સુધી પહોંચાડવાની સુંદર રીત છે.હવે પરિવારની નવી પેઢી પણ આ જવાબદારી સંભાળી રહી છે. શ્રીયાએ જણાવ્યું કે બધા કઝિન્સ સાથે મળીને ઉકડીચે મોદક બનાવવાની તેનાં પરિવારમાં પરંપરા છે. બાળપણમાં મિત્રો અને કઝિન્સ સાથે પંડાલોમાં ફરવાનું પણ તેને ગમતું હતું અને આજે પણ તે મિત્રો સાથે અલગ-અલગ પંડાલની મુલાકાત લે છે. શ્રીયા માટે ગણેશોત્સવની સૌથી મહત્વની બાબત તેની પાછળનો અર્થ સમજવાનો છે. તેણે કહ્યું, ''બાપ્પા શુભ શરૂઆતનું પ્રતીક છે. અમારા પરિવારમાં દરરોજ ઘરની બહાર નીકળતી વખતે અમે 'ગણપતિ બાપ્પા મોરિયા' કહીએ છીએ. ફિલ્મના સેટ પર પણ પહેલો શોટ 'ગણપતિ બાપ્પા મોરિયા' કહીને લેવામાં આવે છે.''તેના મતે તહેવારો માત્ર પરંપરાઓનું પાલન કરવા પૂરતા નથી. શ્રીયાએ કહ્યું, ''વિધિ તો તેની બહારની અભિવ્યક્તિ છે, પરંતુ ખરેખર મહત્વનું એ છે કે તેની પાછળ રહેલા મુલ્યને આપણે સમજીએ અને તેને આપણા રોજિંદા જીવનમાં ઉતારીએ.''

> **બાપ્પા શુભ શરૂઆતનું પ્રતીક છે. અમારા પરિવારમાં દરરોજ ઘરની બહાર નીકળતી વખતે અમે 'ગણપતિ બાપ્પા મોરિયા' કહીએ છીએ**

# 'હનુમાન અંશ' બાદ હવે 'રામબોલા'માં તુલસીદાસની કહાણી રજુ કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૬**

'હનુમાન અંશ'માં સાથે કામ કરી ચૂકેલા મહાવીર જૈન ફિલ્મ્સ અને લેખક-દિગ્દર્શક વિશાલ ચતુર્વેદીએ હવે તેમની આગામી ફિલ્મ 'રામબોલા'ની જાહેરાત કરી છે. ફિલ્મ મહાકવિ ગોસ્વામી તુલસીદાસના જીવન અને તેમની ભક્તિથી પરિવર્તન સુધીની સફર પર આધારિત હશે. ભારતીય સાહિત્ય અને આધ્યાત્મિક પરંપરામાં મહત્વનું સ્થાન ધરાવતા તુલસીદાસની રચનાઓનો ભારતીય સંસ્કૃતિ પર લાંબા સમયથી પ્રભાવ રહ્યો છે. 'રામબોલા'નું લેખન અને દિગ્દર્શન વિશાલ ચતુર્વેદી કરશે.




ફિલ્મમાં તુલસીદાસના જીવનપ્રવાસને તેમના સંત અને કવિ તરીકેના વ્યક્તિત્વ સાથે જોડીને રજૂ કરવામાં આવશે. તેમની ભક્તિ, આધ્યાત્મિક પરિવર્તન અને સાહિત્યિક વારસો ફિલ્મની વાર્તાનો મુખ્ય આધાર બનશે.ફિલ્મનું નિર્માણ મહાવીર જૈન, વિશાલ ચતુર્વેદી, અમિત ઉપાધ્યાય અને રઘુવેન્દ્ર સિંહ કરી રહ્યા છે, જ્યારે મહાવીર જૈન ફિલ્મ્સ તેને પ્રસ્તુત કરશે.વિશાલ ચતુર્વેદીએ અગાઉ 'હનુમાન અંશ'નું લેખન અને દિગ્દર્શન કર્યું હતું. આ ફિલ્મમાં નીબ કરોલી બાબાના જીવન સાથે જોડાયેલી કહાણી રજૂ કરવામાં આવી હતી. હવે વિશાલ ભારતીય સંત પરંપરા સાથે સંકળાયેલા વધુ એક આધ્યાત્મિક વ્યક્તિત્વ તુલસીદાસના જીવનને પડદા પર લાવવાની તૈયારીમાં છે. 'રામબોલા' દ્વારા નિર્માતાઓ તુલસીદાસના જીવન અને તેમની ભક્તિની ભારતીય સંત પરંપરામાં રહેલી અસરને સિનેમાના માધ્યમથી રજૂ કરવાનો પ્રયાસ કરશે.

# 'ટોક્સિક' ફિલ્મની વર્લ્ડવાઇડ કમાણી ૩૧૨.૫૦ કરોડમાં સમેટાઈ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૬**

યશની ફિલ્મ 'ટૉક્સિક'નાં થિયેટરમાં દિવસો હવે લગભગ પુરા થઈ ગયા છે. ફિલ્મે વિશ્વભરમાં અંદાજે ૩૧૨.૫૦ કરોડની કમાણી નોંધાવી છે. ભારતમાં ફિલ્મની કમાણી ૨૬૬.૭૫ કરોડ રહી, જ્યારે વિદેશી બજારમાંથી તેને ૪.૮૦ મિલિયન ડૉલર એટલે કે આશરે ૪૫.૫૦ કરોડ મળ્યા છે.ફિલ્મે ભારતમાં શરૂઆતના દિવસે ૧૧૨ કરોડની જોરદાર કમાણી કરી હતી. જોકે, દર્શકો તરફથી મળેલા નબળા પ્રતિસાદની અસર બીજા દિવસથી જ બોક્સ ઓફિસ પર જોવા મળી હતી. ત્યારબાદ વર્કિંગ ડેઝમાં કલેક્શન નોંધપાત્ર રીતે ઘટ્યું હતું. ફિલ્મે પહેલા લાંબા વીકેન્ડમાં ૨૫૬ કરોડની કમાણી કરી હતી. બીજા સપ્તાહમાં 'ટૉક્સિક' મોટાભાગના સિનેમાઘરોમાંથી બહાર થઈ ગઈ અને તેની કમાણી માત્ર ૯ કરોડ રહી. હવે ત્રીજા વીકએન્ડમાં ફિલ્મનું કલેક્શન ૭૫ લાખથી થોડું વધુ રહેવાની શક્યતા છે, જેમાં મોટો હિસ્સો કર્ણાટકમાંથી આવ્યો છે. પ્રદેશવાર વાત કરીએ તો કર્ણાટકમાં ૭૩.૫૦ કરોડ, આંધ્ર પ્રદેશ-તેલંગાણા સર્કિટમાં ૨૯ કરોડ, તમિલનાડુમાં ૧૧.૫૦ કરોડ, કેરળમાં ૩.૭૫ કરોડ અને હિન્દી રાજ્યોમાં ૧૪૯ કરોડની કમાણી કરી છે.બોક્સ ઓફિસની કામગીરી ઉપરાંત ફિલ્મના આર્થિક પરિણામને લઈને પણ અહેવાલોમાં મોટા નુકસાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ફિલ્મને આશરે ૩૦૦ કરોડનું નુકસાન થયું હોવાનું જણાવાયું છે.

# 'દાયરા'માં કોઈ વિઝ્યુઅલ કટ નહીં, સેન્સરે માત્ર એક શબ્દ બદલાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૬**

કરીના કપૂર ખાન અને પૃથ્વીરાજ સુકુમારનની ઈન્વેસ્ટિગેટિવ થ્રિલર 'દાયરા'ને સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન તરફથી 'એ' સર્ટિફિકેટ મળ્યું છે. ફિલ્મના સેન્સર સર્ટિફિકેશન અંગે સામે આવેલી વિગતો મુજબ, ફિલ્મમાં કોઈ પણ વિઝ્યુઅલ કટ સૂચવવામાં આવ્યો નથી. એટલે કે ફિલ્મમાં દર્શાવવામાં આવેલા હિંસક દૃશ્યોને યથાવત રાખવામાં આવ્યા છે.આ અંગેના અહેવાલ મુજબ, સેન્સરની એક્ઝામિનિંગ કમિટીએ ફિલ્મના સંવાદોમાં પણ કોઈ મોટો ફેરફાર સૂચવ્યો નથી. માત્ર ફિલ્મના બે દૃશ્યોમાં લગભગ બે કલાકના સમયગાળામાં અજયુનીનું પાત્ર ભજવતી કરીના કપૂર ખાનના એક સંવાદને 'યોગ્ય રીતે બદલવા' માટે કહેવામાં આવ્યું હતું. આ સંવાદમાં માત્ર એક શબ્દને બદલીને 'મિનિસ્ટર' કરવામાં આવ્યો છે.આ ફેરફાર બાદ ૧૧ સપ્ટેમ્બરે 'દાયરા'ને પાસ કરવામાં આવી હતી. સેન્સર સર્ટિફિકેટ મુજબ ફિલ્મનો કુલ રનટાઈમ ૧૪૩.૧૬ મિનિટ એટલે કે ૨ કલાક, ૨૩ મિનિટ અને ૧૬ સેકન્ડ છે.મેઘના ગુલઝારના દિગ્દર્શનમાં બનેલી 'દાયરા'માં પૃથ્વીરાજ સુકુમારન પણ મહત્વની ભૂમિકામાં છે. આ ફિલ્મ કરીના કપૂર ખાનની એવી દસમી ફિલ્મ છે જેને માત્ર પુખ્ત વયના દર્શકો માટેનું 'એ' સર્ટિફિકેટ મળ્યું છે. અગાઉ 'અજનબી' (૨૦૦૧), 'ચમેલી' (૨૦૦૩), 'દેવ' (૨૦૦૪), 'ઓમકારા' (૨૦૦૬), 'કુરબાન' (૨૦૦૯), 'હિરોઈન' (૨૦૧૨), 'ઉડતા પંજાબ' (૨૦૧૬), 'વીરે દી વેડિંગ' (૨૦૧૮) અને 'ધ બકિંગહામ મર્ડર્સ' (૨૦૨૪)ને પણ 'એ' સર્ટિફિકેટ મળ્યું હતું. 'દાયરા' ૧૮ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.




# રોહિત રોયે ટીવીને 'ડસ્ટબિન' ગણાવીને ફિલ્મ કલાકારોની સ્ટાઇલ અને ક્લાસની વાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૬**

૧૯૯૦ના દાયકાની દૂરદર્શનની લોકપ્રિય સિરિયલ 'સ્વાભિમાન'થી ઓળખ મેળવનારા અભિનેતા રોહિત રોયે ટેલિવિઝન અને ફિલ્મ ઈન્ડસ્ટ્રી વચ્ચેના તફાવત અંગે વાત કરી છે. વર્ષોથી ટેલિવિઝન પર સક્રિય રહેલા રોહિતે બંને માધ્યમના કલાકારોના જાહેરમાં વર્તન અને તેમની રજૂઆતમાં તફાવત હોવાનો દાવો કર્યો છે. આ દરમિયાન તેણે ટેલિવિઝનને 'ડસ્ટબિન મીડિયમ' પણ ગણાવ્યું હતું.એક યુટ્યુબ ચેનલ સાથેની વાતચીતમાં રોહિતને મનોરંજન ઉદ્યોગમાં ટેલિવિઝન કલાકારોને ફિલ્મ કલાકારો કરતાં નીચાં ગણવાની માનસિકતા અંગે સવાલ કરવામાં આવ્યો હતો. જવાબમાં તેણે ફિલ્મ કલાકારોના જાહેરમાં દેખાવ અને તેમની બોડી લેંગ્વેજનો ઉલ્લેખ કર્યો હતો.તેણે કહ્યું, ''તમે કોઈ ફિલ્મ કલાકારને જાહેરમાં આવતા જુઓ, ખાસ કરીને તે સ્ટાર હોય ત્યારે, તે જે રીતે બહાર આવે છે તેમાં એક અલગ જ અંદાજ જોવા મળે છે. દરેક વ્યક્તિ એક ચોક્કસ છબિ રજુ કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ તેમની આ છબિમાં ગ્રેસ, ગૌરવ, સ્ટાઈલ અને કૂલનેસ હોય છે. એક ચોક્કસ પ્રકારની સ્ટાઈલ અને ક્લાસ હોય છે.''ટીવી કલાકારોના મેળાવડાની સરખામણી કરતા તેણે કહ્યું કે તેના વર્તનમાં ક્યારેક અલગ પ્રકારનો અંદાજ જોવા મળે છે. રોહિતે પાપારાઝીની હાજરીમાં પણ કલાકારોએ પોતાની વર્તણૂક અને ભાષાનું ધ્યાન રાખવું જોઈએ તેમ જણાવ્યું. તેના મતે જાહેર સ્થળે ગ્રેસ અને ડિગ્નિટી જાળવવી જરૂરી છે.રોહિતે ફિલ્મ અને ટીવીના લાંબા ગાળાના પ્રભાવની સરખામણી કરતાં કહ્યું, ''સિનેમા સિનેમા છે, તે તમારી ઓળખ બનાવે છે. ટેલિવીઝન એક ડસ્ટબિન મીડિયમ છે.''



# વાપીમાં મેગા સ્ટુડન્ટ ટીચર્સ એવોર્ડ (MSTA) 4.0 'The Rise' નો ગ્રાન્ડ ફિનાલે યોજાયો: ૬૦ શાળાના વિદ્યાર્થીઓએ વકતૃત્વ કલાના ઓજસ પાથર્યા






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

વાપી વીઆઈએ (VIA) ખાતે આવેલ કનુ દેસાઈ હોલમાં છેલ્લા ચાર વર્ષથી સતત યોજાતી વકૃત્વ સ્પર્ધા 'મેગા સ્ટુડન્ટ ટીચર્સ એવોર્ડ (MSTA) 4.0... The Rise' ના ગ્રાન્ડ ફિનાલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ટ્વીન સીટી હોસ્પિટલના ડો.ચિંતન પટેલના વિઝન અને આલ્કેમી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મનોવિકાસ બાલભવન, ટ્વીન સીટી ક્લિનિક અને અનન્ય સાયકોલોજી સેન્ટરે સહયોગ આપ્યો હતો. દેશના ભવિષ્ય સમાન ' Gen Z' વિદ્યાર્થીઓમાં કમ્યુનિકેશન સ્કિલ, કોન્ફિડન્સ અને લોજિકલ થિંકિંગ વિકસાવવાના હેતુથી આ પ્લેટફોર્મ પૂરૂં પાડવામાં આવ્યું છે.

કાર્યક્રમનો પ્રારંભ મુખ્ય મહેમાન બ્રહ્માકુમારી રશ્મીબેન, શ્રી અસ્પી દમણિયા, લાવન્યા પટેલ, ડો. ચિંતન પટેલના પિતા (સવિશંક ફાઉન્ડેશનના ટ્રસ્ટી) તથા માતૃશ્રી સવિતાબેન પટેલ, શ્રી રાહુલ પટેલ, શ્રીમતી ભૂમિ પટેલ, શ્રી મોહન દેવ, શ્રી અમૃતભાઈ સોની અને રમાકાંત યાદવના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો.

જિલ્લાની ૬૦ શાળાઓમાંથી કઠિન ટ્રેનિંગ બાદ પસંદગી પામેલા ૨૩ ફાઈનલિસ્ટ વિદ્યાર્થીઓએ ૬૦૦ શ્રોતાઓની હાજરીમાં મંત્રમુગ્ધ કરનારૂ પરફોર્મન્સ આપ્યું હતું. 'મધર્સ લવ', 'ટીચર અવર સેકન્ડ મધર', 'સેવ અર્થ ' અને AI ઈન ધ મોર્ડન વર્લ્ડ જેવા વિષયો પર શાનદાર પીપીટી, વોઈસ વેરીએશન અને બોડી લેંગ્વેજ સાથે રજૂઆતો થઈ હતી. જાણીતા તબીબો અને નિષ્ણાંતોના જજ પેનલ દ્વારા ચાર કેટેગરીમાં વિજેતાઓ જાહેર કરાયા હતા.

ગ્રેડ ૫ થી ૭ અંશ સક્સેના, અલિસબા શેખ, નીયા નાબીઆર, હર્ષ ખરલોયા, ખ્વાહીસ ચણવાની, કેશવ જા અને ગુંજન યાદવ.

ગ્રેડ ૮ થી ૧૦ વૈભવી વીનેશ, આરાધ્યા પાંડે, અફાન ખાન, દેવાંશ શુક્લ, હમાડીયા અન્સારી અને સલેહા મન્સૂરી.

ગ્રેડ ૧૧ થી ૧૨ રક્ષિત શુક્લા, વિશ્વમ કલસરિયા, નરેશ પ્રજાપતિ, સીમરાહ ગોદાલ અને જીયા ગોસ્વામી.

'કોલેજ વિભાગ' મુસ્કાન અગારીયા, અભિષેક સાહ, પુરવા ઠાકરે, રાખી ગુપ્તા અને પિયુષ ઠાકુર.

તમામ વિજેતાઓને મોમેન્ટો, એવોર્ડ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે ફાઉન્ડર સભ્યો ડો.ચિંતન પટેલ, બુસરા નાથાની અને પૂર્વીન રાવલના નિઃસ્વાર્થ પ્રયાસોને આયુર્વેદિક ડો. મીનાક્ષી શેઠ અને બ્રહ્માકુમારી રશ્મીબેને બિરદાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન બુસરા નાથાનીએ કર્યું હતું. જ્યારે મનોવિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના બાળકો દ્વારા સાઈન લેંગ્વેજમાં રાષ્ટ્રગીતની રજૂઆત સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# વાપી કેબીએસ એન્ડ નટરાજ કોલેજની વિદ્યાર્થીનીઓનું આંતર-કોલેજ કરાટે સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

ચણોદ કોલોની સ્થિત કેબીએસ કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સિસ કોલેજ વાપીમાં વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે રમત ક્ષેત્રનું પણ વિશેષ જ્ઞાન અને તાલીમ પૂરી પાડવામાં આવે છે. તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (વીએનએસજીયુ), સુરત દ્વારા આયોજિત આંતર-કોલેજ કરાટે સ્પર્ધા (મહિલા વિભાગ)માં કેબીએસ કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સિસ કોલેજના વિદ્યાર્થીઓએ મેડલ જીતીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. સ્પર્ધા દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ કૌશલ્ય, દૃઢ નિશ્ચય અને ખેલદિલીનું પ્રદર્શન કર્યું હતું. એમ.કોમ પાર્ટ-૧ ની વિદ્યાર્થીની સોનલ ચૌરસિયાએ શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે એફ.વાય.બી.સી.એ.ની વિદ્યાર્થીની અનીતા ભગતે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. દરેક વિદ્યાર્થીનીઓને તાલીમ તેમજ માર્ગદર્શન રમત-ગમતના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. મયુર પટેલ તેમજ રમતના સહાયક શ્રી રોહિત સિંહ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીનીઓની આ સિદ્ધિ અને કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી. ચૌહાણ, મેનેજમેન્ટ, અધ્યાપકો અને અન્ય વિદ્યાર્થીઓ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી. આચાર્યશ્રીએ બંને મેડલ વિજેતાઓને તેમના નોંધપાત્ર પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યની સ્પર્ધાઓમાં પણ તેઓ સતત સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ આપી હતી.

# ઝીરમ ઘાટી નક્સલી હુમલો: તમામ ૧૦ આરોપીઓને ફાંસીની સજા સંભળાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**રાયપુર, તા.૧૬**

છત્તીસગઢમાં વર્ષ ૨૦૧૩માં નક્સલીઓ દ્વારા એક એવો હુમલો કરવામાં આવ્યો હતો, જેને આજે પણ યાદ કરવામાં આવે છે. તેમાં કેટલાય મોટા કોંગ્રેસના નેતા અને સુરક્ષાકર્મીઓને પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. ૫ સપ્ટેમ્બરના રોજ એનઆઈએની સ્પેશિયલ કોર્ટે ૧૦આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા અને હવે તેમને સજા સંભળાવવામાં આવી છે. કોર્ટે આ તમામ આરોપીઓને મૃત્યુદંડની સજા સંભળાવી છે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ NIA કોર્ટના જજ અજય સિંહ રાજપૂતે ચુકાદો આપ્યો છે. કહેવાય છે કે આરોપીઓ પર કુલ ૨૪ કલમો લાગેલી હતી, જેમાંથી ૭ કલમોમાં મૃત્યુદંડની સજા આપવામાં આવી છે. હવે ૧૩ વર્ષ બાદ આરોપીઓને સજા મળવાથી ન્યાય મળ્યો છે.

છત્તીસગઢમાં વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ આખા રાજ્યમાં પરિવર્તન યાત્રા કાઢી રહી હતી. જ્યારે કોંગ્રેસનો કાફલો ઝીરમ ઘાટી પહોંચ્યો ત્યારે ઘાત લગાવીને બેઠેલા નક્સલીઓએ તેમના પર હુમલો કર્યો હતો. ચારે તરફ ગોળીઓ છૂટતા ૨૭ લોકોના મોત થયા હતા. જેમાં ૧૫ અન્ય ઘાયલ પણ થયા હતા. આ હુમલામાં રાજ્યના નેતાઓની એક આખી લાઈન ખતમ થઈ ગઈ હતી.

એ હુમલામાં ત્યારે છત્તીસગઢ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નંદકુમાર પટેલ અને તેમના દીકરા દિનેશ પટેલનું પણ મોત થયું હતું. વિદ્યાચરણ શુક્લ અને ઉદય મુદલિયારને પણ પોતાનો જીવ ખોવાનો વારો આવ્યો હતો. વળી સલવા ઝુડૂમ આંદોલનના મુખ્ય ચહેરા મહેન્દ્ર કર્માનું પણ મોત થયું હતું. આ નક્સલી હુમલો છત્તીસગઢમાં થયેલો મોટો હુમલો માનવામાં આવતો હતો.

**ઝીરમ ઘાટી હત્યાકાંડમાં આરોપીઓમાં** પ્રમિલા મોડિયમ, ચૈતૂ લેખન ઉર્ફ મુન્ના, સુમિત્રા ઉર્ફ સુમિત્રા પૂનમ મોડિયમ, મુક્કા માંડવી, કોસા કવાસી ઉર્ફ કોસારામ, આયાતા મરકામ, મઢકામી દેવા, જોગા મદકામી, બનઝામી સન્ના, મહાદેવ નાગ.

ઝીરમ ઘાટી મામલામાં પીસીસી અધ્યક્ષ દીપક બૈઝે NIA પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, NIAએ ખાલી ખાનાપૂર્તિ કરી, મોટા નક્સલી નેતાઓની પૂછપરછ નથી થઈ. ૧૦ દોષિત બનાવ્યા, પણ આ મોટા નક્સલી લીડર નથી. મોટા નક્સલી નેતા સરકારના સંરક્ષણમાં છે. તેમની સાથે પૂછપરછ કેમ ન થઈ? મોટા નેતાઓ સાથે પૂછપરછ થતી તો ભાજપના નેતાઓના નામ અને રહસ્યો સામે આવી જતાં.

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે કહ્યું કે, એનઆઈએએ તપાસ નથી કરી. દોષિતોને પકડ્યા નથી. પ્રત્યક્ષદર્શીઓના નિવેદન અને જુબાની પણ નથી લીધી. તેમણે મુખ્ય આરોપીઓના નામ FIRમાંથી હટાવવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, ૨૦૦થી વધારે નક્સલીઓ હતા, ખાલી ૧૦ લોકોને સજાથી ન્યાય કેવી રીતે મળશે?

# દાનહમાં સગર્ભા મહિલાની ૧૦૮ એમ્બ્યુલન્સમાં સફળ ડિલિવરી કરાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૬**

દાનહમાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા સ્થાનિક અંતરિયાળ વિસ્તારના આદિવાસીઓ માટે અતિ મહત્વની સેવા સાબિત થઇ રહી છે.



હાલમાં સુરંગી ગામમાં પ્રસવ પીડાથી પીડાતી પ્રસૂતાની ડિલિવરી કરી હતી અને ડિલિવરીમાં બાળકીનો જન્મ થયો હતો. દાનહના સુરંગી જુના પટેલપાડામાં રહેતી એક સગર્ભા મહિલાને પ્રસવ પીડા ઉપડતા આંબોલી સેન્ટરની ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા ૧૦૮ની ટીમના ઈએમટી નયમેશ ગિરહદલે અને પાયલોટ અંકિત ગામીત મહિલા દર્દી કુંતી ઠાકરે (ઉ.વ.૩૧) રહેવાસી સુરંગી જુના પટેલપાડાના ઘરે પોહચી હતી. જ્યાંથી તેને ખાનવેલ સબ જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામા આવી રહી હતી. તે સમયે અચાનક પ્રસવ પીડા અસહ્ય થતા ૧૦૮ના પાયલોટે માર્ગના કિનારે ઉભી રાખી એમ્બ્યુલન્સમા જ મહિલાની ડિલિવરી કરવામા આવી હતી. મહિલાએ પુત્રીને જન્મ આપ્યો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે ખાનવેલ સબ જીલ્લા હોસ્પિટલમાં લઈ જવામા આવી હતી.

# યાત્રાધામ દ્વારકામાં સામાન્ય વરસાદે તંત્રની પોલ ખોલી

## મુખ્ય માર્ગો પર સર્જાયું ખાડાઓનું સામ્રાજ્ય

(સંપૂર્ણ સમાચાર સેવા)
**દ્વારકા,તા.૧૬**

જગત મંદિર તરીકે દેશ-વિદેશમાં પ્રખ્યાત એવા પવિત્ર યાત્રાધામ દ્વારકામાં સામાન્ય વરસાદ પડતાંની સાથે જ સ્થાનિક તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. દ્વારકાના પ્રવેશદ્વાર સમાન વિસ્તારો અને મુખ્ય હાઈવે રોડ પર ઠેર-ઠેર મોટા મોટા ખાડાઓનું સામ્રાજ્ય સર્જાઈ ગયું છે. વરસાદી પાણી ભરાઈ જવાના કારણે માર્ગોની દશા અત્યંત દયનીય અને બિસ્માર બની ગઈ છે, જેનાથી સ્થાનિકો તેમજ દર્શનાર્થે આવતા ભક્તોમાં ગંભીર રોષ જોવા મળી રહ્યો છે.

ખાસ કરીને દ્વારકાના મુખ્ય પ્રવેશદ્વાર ગણાતા ઈસ્કોન ગેટ, રબારી ગેટ અને હાઈવે રોડ પર રસ્તાઓ તૂટી જતાં વાહનચાલકો માટે પસાર થવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. વરસાદી પાણી ભરાઈ જવાના કારણે આ ખાડાઓ વાહનચાલકો માટે કાળ સમાન સાબિત થઈ રહ્યા છે, કારણ કે પાણીના લીધે ખાડાની ઊંડાઈનો અંદાજ મેળવવો અશક્ય બને છે. પરિણામે દ્વિચક્રી અને ચારચક્રી વાહનો સ્લિપ થવાના તેમજ અકસ્માત સર્જાવાના કિસ્સાઓ વધી રહ્યા છે. દ્વારકામાં રોજિંદા ધોરણે હજારો સ્થાનિક નાગરિકો ઉપરાંત દેશ અને વિદેશમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ ભગવાન દ્વારકાધીશના દર્શનાર્થે આવે છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ધાર્મિક સ્થળે રસ્તાઓની આવી દુર્દશાથી શહેરની છબી ખરડાઈ રહી છે. સ્થાનિકો અને વેપારીઓ માગણી કરી રહ્યા છે કે વહીવટી તંત્ર દ્વારા નિદ્રામાંથી જાગીને આ જોખમી ખાડાઓનું તાત્કાલિક ધોરણે યોગ્ય પુરાણ અને પેચવર્ક કરીને રસ્તાઓનું સમારકામ કરવામાં આવે.

# ચીખલી તાલુકામાં દીપડાનો આતંક છવાયો

## પીપલગભણ ગામે રાત્રિના સમયે ત્રણ વાછરડી અને સારવણી ગામે વૃદ્ધ ઉપર હુમલો કરતા લોકોમાં દહેશતનો માહોલ છવાયો







-તસવીર: દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૬**

ચીખલી તાલુકામાં દિવસે દિવસે શિકારની શોધમાં દીપડાઓ રહેણાંક વિસ્તાર સુધી આવી પહોંચતા હોય છે. ત્યારે પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા ખેડૂતોના માથે મોટું સંકટ ટોળાતું હોય છે. પશુપાલકો પોતાના પશુઓને કોઢારામાં કે ઘરની પાછળ ખુલ્લી જગ્યામાં બાંધતા હોય છે. ત્યારે રાત્રિ દરમ્યાન શિકારની શોધમાં દીપડાનો શિકાર બનતા હોય છે. ચીખલી તાલુકાના પીપલગભણ ગામે રાત્રિના સમયે સુરેખાબેન દિપકભાઈ પટેલ તથા સુનિલભાઈ સુમનભાઈ પટેલને ત્યાં ઘરની પાછળ બાંધેલ એમ ત્રણ જેટલી વાછરડીને દીપડાએ ફાડી ખાતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. આ બાબતની જાણ વન વિભાગને કરાતા જેઓ સ્થળ ઉપર જઈ જરૂરી સર્વે કરી પાંજરૂં ગોઠવવાની તજવીજ હાથ ધરી હતી.

જયારે બીજા બનવમાં ચીખલી તાલુકાના સારવણી ગામના કણબીવાડ ખાતે રહેતા નટુભાઈ ગાંડાભાઈ પટેલ બુધવારની સવારના નવેક વાગ્યાના સુમારે ખેતરમાં સાફ સફાઈ કરવા જતાં ખેતરમાં સંતાઈ રહેલો દીપડાએ અચાનક હુમલો કરતા નટુભાઈ પટેલને માથાના ભાગે, થભાના ભાગે નખરા મારતા સારવાર લેવાની ફરજ પડી હતી. ઉપરોક્ત બનાવ અંગેની જાણ વન વિભાગને કરાતા પાંજરૂ ગોઠવવામાં આવ્યું હતું.

## સુરત પાર્લે પોઈન્ટ-વિજયરામચંન્દ્રસૂરિ આરાધનાભવન ખાતે પર્યુષણા મહાપર્વની થયેલ યાદગાર આરાધના

# "પર્યુષણા મહાપર્વ ભલે પુરા થયા, પણ હજી ચાતુર્માસ પુરૂ થયું નથી": વિજયપુણ્યરક્ષિતસૂરિ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૬**

સુરત શહેરના મધ્યવર્તી પાર્લે પોઈન્ટ વિસ્તારમાં આવેલ વિજયરામચંન્દ્રસુરીશ્વરજી આરાધનાભવન ખાતે ચાલુ વર્ષે ચાતુર્માસ પધારી પ્રવચન દ્વારા શ્રી સંઘમાં સુંદર ધર્મજાગૃતિ લાવનાર દીક્ષાયુગપ્રવર્તક સુરિસમ્રાટ સુરિરામચંન્દ્ર સામાજયવર્તી આધ્યાત્મિક પ્રવચનકાર જૈનાચાર્યશ્રી વિજયમુક્તિપ્રભસુરીશ્વરજી મહારાજાના પ્રશિષ્યરત્ન પ્રવચનકાર જૈનાચાર્યશ્રી વિજયપુણ્યરક્ષિતસુરિજી મહારાજે પર્યુષણા મહાપર્વના અંતિમ દિને શ્રી બારસાસૂત્ર ગ્રંથ વાંચન પ્રસંગે પ્રવચન દરમિયાન શ્રોતાઓને ધર્મપ્રવચન આપતા જણાવ્યું હતું કે-

પર્યુષણા મહાપર્વ આજે ભલે પૂરુ થયું પણ હજી ચાર્તુર્માસ પુરૂ થયું નથી!! પ્રર્યુષણા મહાપર્વનના આઠે દિન પ્રવચન-પ્રતિક્રમણ તપસ્યા પરમાત્માભક્તિ સાધર્મિકભક્તિ આદિ દરેક પ્રસંગોમાં ધર્મ આરાધનામાં પુર બહાર ભરતી આવી તેની અનુમોદના કરી હતી.

પુજ્યશ્રીએ જણાવ્યું હતું કે શ્રમણભગવાન શ્રી મહાવીર પરમાત્માના મુખ્ય ૧૧ ગણધરોના સામૂહિક દેવવંદન વર્ષમાં એક જ વખત થયા છે. તે યુગ પ્રધાન ગણધર દેવવંદન ભાદરવા સુદ ૮, શનિવાર તા.૧૯ સપ્ટેમ્બરના સવારે ૯:૦૦ કલાકે પ્રારંભ થશે. ચતુર્વિધ શ્રી સંઘ આ સામૂહિક દેવવંદનમાં જોડાઈ શકશે.

શ્રી સંઘના ઉપક્રમે પર્યુષણ પાંચમા કર્તવ્યના પાલન સ્વરૂપે ભાદરવા સુદ ૯ રવિવાર તા. ૨૦ સપ્ટેમ્બરના સવારે ૬:૩૦ કલાકે વેસ્ટર્ન શંત્રુજય રેસિડેન્સી (વેસુ)થી સામૂહિક ચૈત્યપરિયારી પ્રારંભ થશે. અને ભાદરવા સુદ ૧૦ સોમવાર તા. ૨૧ સપ્ટેમ્બરથી પ્રતિદિન સવારે ૯:૩૦ થી ૧૦:૩૦ શ્રી ઉપદેશ કલ્પવલ્લી ગ્રંથ આધારિત 'શ્રાવકના ૩૬ કર્તવ્યો'' પર પ્રેરણાદાયી પ્રવચનનો મંગલ પ્રારંભ થશે. તેની ઉદઘોષણા માનદ્ સેવાભાવી કાર્યકર શ્રી નરેશનભાઈ શાહે પ્રવચન દરમિયાન કરી હતી. સંવત્સરી મહાપર્વના દિને સામૂહિક પૌષધધર્મની આરાધના તથા પ્રતિક્રમણ અવિસ્મરણીય થવા પામેલ.

# અંબાજી ભાદરવી પૂનમ મહામેળા માટે GSRTC ૬ હજાર વધારાની બસો દોડાવાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૧૬**

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે યોજાનારા સુપ્રસિદ્ધ 'ભાદરવી પૂનમ મહામેળા'ને લઈને લાખો માઈભક્તોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દર વર્ષે રાજ્યભરમાંથી હજારો-લાખો શ્રદ્ધાળુઓ પગપાળા ચાલીને મા અંબાના દર્શનાર્થે પહોંચે છે. પગપાળા પહોંચેલા આ તમામ માઈભક્તો દર્શન બાદ કોઈપણ પ્રકારની અગવડ વિના સલામત રીતે પોતાના ઘરે પરત પહોંચી શકે તે માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રેગ્યુલર બસો ઉપરાંત મોટા પાયે વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે.

શ્રદ્ધાળુઓને અવરજવરમાં સરળતા રહે તે માટે આ તમામ વિશેષ બસોનું સંચાલન અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર સહિત રાજ્યના તમામ મુખ્ય બસ સ્ટેશનો પરથી કરવામાં આવશે. જેથી ગુજરાતના કોઈપણ ખૂણેથી આવતા યાત્રિકોને સીધી અને સરળ બસ સેવા મળી રહેશે.

શ્રદ્ધાળુઓની સુવિધા અને સુરક્ષિત મુસાફરી માટે એસ.ટી. નિગમ દ્વારા તારીખ ૨૦થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન મેગા પ્લાનિંગ કરવામાં આવ્યું છે:સમગ્ર મેળા દરમિયાન અંબાજીથી વિવિધ રૂટ પર ૩૦૦૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપ્સનું આયોજન કરાયું છે.વ્યવસ્થા જાળવવા ડ્રાઈવર, કંડક્ટર, મિકેનિક, સુપરવાઈઝર અને ઉચ્ચ અધિકારીઓ સહિત ૪૦૦૦થી વધુ કર્મચારીઓ 24X7 ફરજ પર ખડેપગે રહેશે.માહિતી અને ટિકિટિંગ: સતત માઈક એનાઉન્સમેન્ટ દ્વારા બસોના રૂટ અને સમયની જાણકારી અપાશે તેમજ લાઈનો ટૂંકી રાખવા માટે વધારાની ટિકિટ બારીઓ કાર્યરત કરવામાં આવી છે.પગપાળા ચાલીને થાકેલા શ્રદ્ધાળુઓ દર્શન કર્યાબાદ સકુશળ અને આરામદાયક રીતે પોતાના ઘેર પરત ફરી શકે તે માટે GSRTC તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ થઈ ગયું છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું એડમિનિસ્ટ્રેશન
યુવા બાબતો અને રમતગમત વિભાગ, ડીએનએચ અને ડીડી
સૂચના
ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૭ ના ત્રીજા સંસ્કરણ માટે કેટરિંગ સેવા પ્રદાતાની જોડાણ / નિમણૂક માટે પ્રસ્તાવ માટેની વિનંતી
આરએફપી નં. : DMN/SPORTS/KIBG-CSP/2026-27/285 તારીખ: 16/09/2026
ટેન્ડર રેફરન્સ નં. : SPRTS/KIBG-CSP/2026-27/285 તારીખ: 16/09/2026
ટેન્ડર આઈડી: 2026_DAMAN_4965_1
વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો http://ddd.gov.in
બોલી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 06/10/2026, 06:00 PM સુધી
નિયામક-કમ-સંયુક્ત સચિવ (વાયએ અને એસ ), ડીએનએચ અને ડીડી
No. IP/DMN/2/5/2026-27/494, Dated: 16/09/2026

U.T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU
દમણ મ્યુનિસિપલ કાઉન્સિલ, દમણ
હરાજીની સૂચના
દમણ જિલ્લાની તમામ સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે ચાર રસ્તા, નાની દમણ અને પીડબલ્યુડી ઓફિસ મોટી દમણ પાસે આવેલા શોપિંગ કોમ્પ્લેક્સમાં દુકાનો ભાડે આપવા માટેની હરાજી તા. ૧૬/૦૯/૨૦૨૬ થી ૧૬/૧૦/૨૦૨૬ સુધી ઓનલાઈન પોર્ટલ એટલે કે https://sampark.dmcdaman.in/#/auction/login જરૂરી દસ્તાવેજો ૧૬/૦૯/૨૦૨૬ થી ૧૬/૧૦/૨૦૨૬ સુધી ડીએમસી ઓફિસમાં ભૌતિક સ્વરૂપે સબમિટ કરવાના રહેશે.
For details please scan https://smcdnh.in/auction
Notice No. 2/9-7/(part)DMC/2026-27/1095
Notice Date: 11/09/2026.
The Chief Officer, Daman Municipal Council, (Dr. Sanjam Singh)
No. IP/DMN/2/5/2026-27/495, Dated: 16/09/2026

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
જાહેર બાંધકામ વિભાગ - દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના
નાની દમણના દેવકા સ્થિત 'નમો પથ' સી-ફ્રન્ટ પર સાહસિક પ્રવૃત્તિ (એડવેન્ચર એક્ટિવિટી)ની ડિઝાઈન, નિર્માણ, સંચાલન અને જાળવણી. (E-11753)
ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_4957_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 18/09/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 18/09/2026
બિડ ખોલવાની તારીખ : 18/09/2026
For details please scan https://ddtenders.gov.in
કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ
No. IP/DMN/2/5/2026-27/496, Dated: 16/09/2026

વર્તમાન પ્રવાહ
વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

સવારની ચા સાથે તો માત્ર
તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ



# વાપી શીતલ એપાર્ટમેન્ટ સોનોરસ સામે પુલની કામગીરીના ખાડામાં પાણી ભરાતા જનજીવન ત્રસ્ત



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૬

વાપીમાં નવો બની રહેલ રેલવે ફલાય ઓવર બ્રિજ છેલ્લા ચાર વર્ષથી આફતનો પહાડ બની રહ્યો છે. સરકીટ હાઉસથી ચલા વચ્ચે રોડની કામગીરીને લઈ પડેલા ખાડાઓમાં ચોમાસાના વરસાદી પાણી ભરાઈ જવાથી સ્થિતિ અંત્યંત વણશી ચૂકી છે. તેમાં પણ વાપી શિતલ એપાર્ટમેન્ટ, સોનોરસ કોમ્પલેક્ષથી સરકીટ હાઉસ વચ્ચેના રોડના ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ જતા ભારે દુર્દશાગ્રસ્ત બની ગયો છે. તેથી સ્થાનિક જનજીવન વેપારીઓ અને વાહન ચાલકો માટે સ્થિતિ ખુબ યાતના ભરી સર્જાઈ ચૂકી છે.

વાપી રેલવે ફલાય ઓવર બ્રિજ એવા મુહૂર્તમાં બનાવવાનો શરૂ થયો છે કે, તેની ગૃહ દશા દુર થતી નથી. ૧૪૨ કરોડના ખર્ચે તૈયાર થનારા આ બ્રિજને બનાવવાની કામગીરીને ચાર ચાર વર્ષ વિતી ગયા પણ સ્થિતિ જૈસે થેની રહી છે. બ્રિજની કામગીરીને લઈ સરકીટ હાઉસથી ચલા રોડ સુધીનો વચ્ચેનો હિસ્સો વાપી વાસીઓ માટે આફતનો હિસ્સો બની રહ્યો છે. ઠેર ઠેર પુલના બિંબ, તે માટે ખોદાયેલ ખાડાઓ થકી નિરંતર ઉભી થતી ટ્રાફિકની

**ચાલીને રસ્તો ક્રોસ ન થાય તેવી સ્થિતિ વચ્ચે વાહનચાલકો ભારે યાતનાનો ભોગ બની રહ્યો છે**

સમસ્યા અને હાલના ચોમાસાએ હાલત બગાડી થકી નિરંતર ઉભી થતી ટ્રાફિકની સમસ્યા અને હાલના ચોમાસાએ હાલત બગાડી નાંખી છે. વધુ અસર શીતલ એપાર્ટમેન્ટથી સરકીટ હાઉસ વચ્ચે સોનોરસ બિલ્ડીંગ સામે ખાડાઓની ભરમાળ હાલત થઈ ચૂકી છે.

સ્થાનિક રહીશો, વેપારીઓ અને ઈમરાન નગર તરફ જતા આવતા વાહનો માટે અભિમન્યુના કોઠો વિંધવા જેવી સ્થિતિ ઉભી થઈ છે. કોન્ટ્રાક્ટર કે મનપા મુક દર્શક બની સમસ્યાના ઉકેલ માટે કોઈ સકારાત્મક કામગીરી જોવા મળતી નથી.

# વાપી મોટા રેલવે ગરનાળાથી જે-ટાઈપ જીઆઈડીસીમાં જતો રોડ પુલની કામગીરીને લઈને બંધ કરાયો



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૬

વાપીની વિકાસ યોજનાઓમાં જે ટાઈપથી વાપી ટાઉન તરફ જવા માટે નવિન મહાત્વાકાંક્ષી બ્રિજની કામગીરી ચાલી રહી છે. હાલ અંતિમ તબક્કાની કામગીરી આધિન રેલવે મોટા ગરનાળાથી જે ટાઈપ જીઆઈડીસી તરફ હાઈવે જતો રોડ આજથી બંધ કરી દેવામાં

**વાહનો ગીતાનગર કે ઈમરાનનગરથી થઈને હાઈવે તરફ જઈ શકશે : દિવાળી સુધીમાં પુલ કાર્યરત થવાની સંભાવના છે**

આવ્યો છે.

વાપી મોટા રેલવે ગરનાળાથી જીઆઈડીસી જે ટાઈપ થઈ નેશનલ હાઈવે તરફ રોડ જે ટાઈપ રેલવે ફલાય ઓવર બ્રિજની કામગીરી હાથ ધરાઈ છે. તેથી આ રોડ આજથી ટોટલી બંધ કરી દેવામાં આવ્યો છે. તમામ પ્રકારના વાહનો ગીતાનગરથી અથવા ઈમરાનનગર થઈને નેશનલ હાઈવે તરફ જઈ શકશે. જે ટાઈપ રેલવે ફલાય ઓવરબ્રિજ કાર્યરત થઈ જતા હાઈવેથી વાપી દમણ તરફ જતો ટ્રાફિક આ નવિન પુલથી પસાર થશે. એટલે વાપીની ટ્રાફિક સમસ્યા હાથ ધરાઈ હોવાથી દિવાળી સુધીમાં વાપીને એક રેલવે ફલાય ઓવર બ્રિજ મળશે.

## ચીખલીના ખરોલી ગામે બંધ મકાનમાં ચોરી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૧૬

ચીખલીના ખરોલી ગામે બંધ મકાનનું તાળું તોડી તસ્કરો રોકડા રૂપિયા તેમજ ચાંદીના ઘરેણાંની ચોરી કરી ફરાર થતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ચીખલી તાલુકાના ખરોલી દેસાઈવાડ ખાતે રહેતા વિકાસકુમાર બળદેવસિંહ પરમાર (ઉ.વ.૩૫) તા.૧૨ સપ્ટેમ્બર-૨૦૨૬ ના રોજ ઘર બંધ કરી ધરમપુર ખાતે ગયા હતા અને બુધવારના રોજ સવારના સમયે ઘરે આવતા કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ઘરનો આગળનો નકુચો કોઈ સાધન વડે તોડી ઘરમાં પ્રવેશી કબાટમાં રાખેલ ચાંદીની ચાર નંગ બંગડી કિ.રૂા.૧૦,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ્લે રૂા.૨૫,૦૦૦/- ની મત્તા કોઈ અજાણ્યા શખ્સો ચોરી જતા ઉપરોક્ત મુજબની ફરિયાદમાં પોલીસે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઈ શ્રી આર.એન.વાડલે કરી રહ્યા છે.

# દમણ રીંગણવાડા સ્થિત તુલસી રેસીડેન્સી સોસાયટીમાં ગણેશોત્સવની ધામધૂમથી કરવામાં આવેલી ઉજવણી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૬

નાની દમણ ખાતે આવેલી તુલસી રેસિડેન્સી કો.ઓ. હાઉસિંગ સોસાયટીમાં ગણેશ ચતુર્થીના પાવન પર્વની ભક્તિભાવ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સોસાયટીમાં ગણેશોત્સવ નિમિત્તે ગણેશ પૂજા ઉત્સવનું આયોજન થતાં રહેવાસીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. સોસાયટીના સભ્યોએ એકત્રિત થઈ ભવ્ય રીતે ગણેશ મંદિરને શણગાર્યું હતું અને વિધિવત પૂજા-અર્ચના કરી ભગવાન શ્રી ગણેશજીના આશીર્વાદ મેળવ્યા હતા.

સોસાયટીના સેક્રેટરી શ્રી જનાર્દનભાઈના નેતૃત્વ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રી કેતનભાઈ, શ્રી રામચંદ્રભાઈ, શ્રી ગોપાલભાઈ સહિત સોસાયટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ શ્રદ્ધાપૂર્વક ગણેશજીની આરાધના કરી સોસાયટીના તમામ પરિવારોમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદ જળવાઈ રહે તેવી પ્રાર્થના કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સોસાયટી પરિસરમાં ભક્તિ, ઉત્સાહ અને આનંદનું વાતાવરણ છવાયેલું રહ્યું હતું.ગણેશોત્સવને સફળ અને યાદગાર બનાવવા સોસાયટીના સભ્યોએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો.

# વલસાડ રૂરલ પોલીસની હદમાં એસએમસીનો સપાટો: બે કાર સાથે રૂ.૮.૨૬ લાખના દારૂના જથ્થ સાથે ત્રણને ઝડપ્યા

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૬

વલસાડ રૂરલ પોલી હદ વિસ્તારમાંથી એસ.એમ.સી.એ ૮.૨૬ લાખના દારૂના જથ્થા ભરેલી બે કાર સાથે ત્રણ બુટલેગરની ધરપકડને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સ્ટેટ એસ.એમ.સી. વલસાડ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે રૂરલ પોલીસના હદ



વિસ્તારમાં હોન્ડાઈ આઈટેન અને હોન્ડાઈ આઈ ટ્વેન્ટી કારોનું ચેકીંગ કરતા કારોમાં દારૂનો વિપુલ જથ્થો મળી આવ્યો હતો. કારોમાંથી ૮,૨૬,૫૮૪ રૂપિયાનો ૩૦૧૨ નંગ વિદેશી દારૂનો જથ્થો ભરેલો હતો. પોલીસે આરોપી ગુંજાશ મુકેશ પટેલ, બલવીર ઉર્ફે બાદલ રમેશ પટેલ, રજત ઉર્ફે મુકુલ સંજય પટેલ નામના ત્રણ આરોપી બુટલેગરોની અટક કરી હતી. બન્ને કાર અને દારૂનો જથ્થો મળી પોલીસે ૧૮,૪૯,૫૮૪ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. તેમજ દારૂનો જથ્થો મોકલનાર વિકાસ ભૈયા અશોક જાદવ અને સન્ની રાજેશ ગુપ્તાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

# ઉતાવળમાં આપેલો અભિપ્રાય કદાચ એક ક્ષણમાં ભૂલાઈ જાય, પરંતુ તેના ઘાની અસર લાંબા સમય સુધી રહી શકે!

**સિક્કાની એક બાજુ જોઈને આખા સિક્કાનો નિર્ણય કરી શકાય નહીં. અભિપ્રાય આપતાં પહેલાં થોડી ક્ષણ રોકાઈ જઈએ. કદાચ જે આપણને દેખાય છે એ એક બાજુ છે, જે સમજાય છે એ બીજી બાજુ છે અને જે હજી સમજવાનું બાકી છે–એ જ સિક્કાની ત્રીજી બાજુ છે**

## સિક્કાની ત્રીજી બાજુ



- સ્વામી ચિન્મયદાસ

આશરે દસેક વર્ષ પહેલાં કેટલાંક યુવકો અને સંતો સાથે ઉજ્જૈનના મહાકાલેશ્વરનાં દર્શન કરવા જવાનું થયું.

ભીડ ખૂબ હતી, પરંતુ અમને બહુ તકલીફ પડી નહીં. મંદિરના સ્વયંસેવકોએ ખૂબ સારી રીતે દર્શન કરાવ્યાં. મંદિર પરિસરમાં લગભગ એકાદ કલાક પસાર કર્યો અને ખૂબ આનંદની અનૂભૂતિ સાથે સાંજે છ વાગ્યે અમે ઈન્દોર જવા માટે કારમાં ગોઠવાયા.

મંદિરની ડાબી બાજુનો મુખ્ય રસ્તો બજાર તરીકે ઓળખાય છે. મંદિર કરતાં પણ અહીંની ભીડ વધારે હતી. દુકાનો, ફેરિયાઓ, ખાણી-પીણીની હાથલારીઓ અને યાત્રાળુઓથી આખું બજાર ઉભરાતું હતું. શોરબકોર પણ એટલો જ હતો. એમાં વળી ટ્રાફિક જામ!

અમારી કાર જેમ તેમ સોએક મીટર આગળ વધી અને પછી લગભગ પંદર મિનિટ સુધી સાવ થંભી ગઈ.

કારણ હતું–એક પાણીપુરીવાળાએ પોતાની ખાલી લારી રસ્તાની લગભગ વચ્ચોવચ મૂકી દીધી હતી અને પોતે ત્યાંથી ગાયબ થઈ ગયો હતો! ખૂબ હોર્ન વગાડ્યા, પરંતુ લારીનો માલિક દેખાયો નહીં. અમારી પાછળ ઊભેલી કારોની લાંબી હાર પણ હોર્નના કોરસમાં જોડાઈ ગઈ.

હું કારની આગળની સીટ પર બેઠો હતો. મારી પણ ધીરજ ખૂટી ગઈ. થોડા સમય પહેલાં મહાકાલેશ્વરનાં દર્શનથી મળેલો આનંદ જાણે આ ટ્રાફિકની સમસ્યામાં ઓગળી ગયો હતો. મેં કારનો કાચ ઉતારીને લારીવાળા માટે નજર દોડાવી અને માથું બહાર કાઢ્યું. હોર્ન તો ચાલું જ હતા.

એવામાં એક માણસ દોડતો દોડતો આવ્યો અને પેલી લારી હટાવવા લાગ્યો. મહામહેનતે તેણે લારી રસ્તાની બાજુએ કરી.

અમારી કાર તેની પાસેથી પસાર થઈ ત્યારે મેં તેને કહ્યું,

‘‘શું ભાઈ, આ રીતે લારી મૂકીને ભાગી જાઓ છો? કેટલી લાંબી લાઈન થઈ ગઈ!’’

મારા શબ્દોમાં વ્યથા અને ગુસ્સો બંને હતાં. સંત તરીકે એ રીતે બોલવું યોગ્ય તો ન જ કહેવાય.

પરંતુ પેલા માણસે અત્યંત નમ્રતાથી કહ્યું,

‘‘મહારાજ, આ મારી લારી નથી. હું તો આપની તકલીફ દૂર થાય એ માટે લારી ખસેડી રહ્યો છું!’’

હું અવાક્ થઈ ગયો!

જે માણસને મેં લારીનો માલિક માનીને બેદરકાર સમજી લીધો હતો, એ તો અમારી તકલીફ દૂર કરવા માટે દોડીને આવ્યો હતો!

મને મારી ભૂલ સમજાઈ. મેં તરત જ તેની માફી માંગી.

કેટલાય દિવસ સુધી એ ભાઈની પરોપકારી ભાવના મારા મનમાં રમતી રહી. આજે પણ મારાં એ શબ્દો માટે મને ખેદ થાય છે.

પરંતુ એ પ્રસંગે મને એક ખૂબ મોટો પાઠ શીખવ્યો– આપણે ઘણી વાર જે દેખાય છે તેના આધારે જ અભિપ્રાય બાંધી લઈએ છીએ, જ્યારે હકીકતની બીજી બાજુ આપણને ખબર જ હોતી નથી.

પૂર્વાપરનો સંદર્ભ જાણ્યા વિના, પરિસ્થિતિની સંપૂર્ણ હકીકત સમજ્યા વિના અને સામેવાળાની મજબૂરી જાણ્યા વિના આપણે તરત જ અભિપ્રાય આપી દઈએ છીએ.

આજકાલ તો મોટાભાગના લોકો પોતાને ‘અભિપ્રાય સ્પેશ્યાલિસ્ટ’ સમજતા હોય છે!

સોશિયલ મીડિયાના જમાનામાં માત્ર ત્રીસ સેકન્ડનો વીડિયો કે અડધો મેસેજ જોઈને લોકો અભિપ્રાયની હોડમાં ઊતરી જાય છે. સાચું શું અને ખોટું શું–એ જાણવાની આપણને ફુરસદ ક્યાં છે?

ઘણી વખત તો આપણી પાસે અગાઉથી જ કેટલાંક પૂર્વગ્રહો હોય છે. એ પૂર્વગ્રહોના ચશ્મામાંથી આપણે ઘટના જોઈએ છીએ અને પછી સામેની વ્યક્તિનો વાંક કાઢવા દોડી જઈએ છીએ.

પારિવારિક સમસ્યાઓના મૂળમાં પણ ઘણી વાર આપણી આ ‘અભિપ્રાય સ્પેશ્યાલિસ્ટ’ની ડિગ્રી જ જવાબદાર હોય છે!

એક સાંજે પોતાના બંગલાના પાછળના બગીચામાં બાપ-દીકરો ખુરશી નાંખીને વ્યવહારની ચર્ચા કરતા હતા.

અચાનક રસોડામાંથી કોઈ કાચનું વાસણ ફૂટ્યાનો અવાજ આવ્યો.

તરત જ બાપે કહ્યું,

‘જો, આ તારી વાઈફે ફોડ્યું લાગે છે! આવું તો કેટલું નુકસાન થાય!’

દીકરાએ કહ્યું,

‘પપ્પા, વાઈફથી નહીં, મમ્મીથી થયું હશે!’

‘બસ! તારે તો તારી વાઈફનો જ પક્ષ રાખવાનો! તું કેવી રીતે કહે છે કે મમ્મીથી થયું છે?’

દીકરાએ બાપને અધવચ્ચેથી અટકાવીને કહ્યું,

‘જો મારી વાઈફથી ફૂટ્યું હોત તો મમ્મીએ અત્યાર સુધીમાં બૂમાબૂમ કરી મૂકી હોત!’

બાપ ચૂપ થઈ ગયો!

વાત રમૂજી છે, પરંતુ તેમાં એક ગંભીર સત્ય છુપાયેલું છે.

કોઈ વ્યક્તિ મોડી આવી હોય તો કદાચ તેની પાછળ કોઈ મજબૂરી હોય. કોઈએ આપણને જવાબ ન આપ્યો હોય તો કદાચ તે કોઈ મુશ્કેલીમાં હોય. કોઈનું વર્તન આપણને અણગમતું લાગ્યું હોય તો કદાચ તેની પાછળ એવી કોઈ વાત હોય, જે આપણે જાણતા જ ન હોઈએ.

એટલે હવે જ્યારે કોઈ ઘટના સામે આવે ત્યારે મનમાં એક પ્રશ્ન ઊઠવો જોઈએ –

‘આ જે દેખાય છે, તેની બીજી બાજુ શું હશે?’

કારણ કે સિક્કાની એક બાજુ જોઈને આખા સિક્કાનો નિર્ણય કરી શકાય નહીં. અભિપ્રાય આપતાં પહેલાં થોડી ક્ષણ રોકાઈ જઈએ. કદાચ જે આપણને દેખાય છે એ એક બાજુ છે, જે સમજાય છે એ બીજી બાજુ છે અને જે હજી સમજવાનું બાકી છે–એ જ સિક્કાની ત્રીજી બાજુ છે.

આજના ભાગદોડભર્યા યુગમાં, જ્યાં દરેક વ્યક્તિ ચુકાદો આપવાની ઉતાવળમાં છે, ત્યાં થોભીને ‘સાચું શું છે?’ એ સમજવું જ સાચી પરિપક્વતા છે.

શબ્દો બોલાઈ ગયા પછી કે અભિપ્રાય અપાઈ ગયા પછી પસ્તાવો કરવા કરતાં, બોલતાં પહેલાં પરિસ્થિતિનો પૂરો સંદર્ભ સમજી લેવો વધુ ડહાપણભર્યું છે.

કારણ કે એક ક્ષણની ઉતાવળમાં આપેલો અભિપ્રાય કદાચ એક ક્ષણમાં ભૂલાઈ જાય, પરંતુ તેના કારણે કોઈના હૃદયને લાગેલો ઘા લાંબો સમય રહી શકે છે.

અભિપ્રાય આપતાં પહેલાં થોભો– કદાચ સિક્કાની ત્રીજી બાજુ હજી તમે જોઈ જ નથી!

# વાપી-વલસાડમાં મૈથોલોજીના જ્ઞાન સંદેશ સાથે વિવિધ થીમ આધારિત બેમિશાલ ગણેશ મહોત્સવના આયોજનમાં નજરાણું





**રામાયણ, સ્વર્ગ-નર્ક, બાપાના વિવિધ સ્વરૂપો સહિતના પ્રદર્શિત થકી ભારે આકર્ષણ રૂપ બની રહ્યો છે ગણેશ મહોત્સવ**





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૬

વાપી સહિત વલસાડ જિલ્લામાં તમામ શહેરો-ગામોમાં ગણેશ મહોત્સવની દશ દિવસીય ઉજવણીનો દબદબા પૂર્વક પ્રારંભ થઈ ગયો છે. ૨૦૨૬ નો ગણેશ મહોત્સવ અનેક રીતે અદ્વિતિય બની રહ્યો છે એ એટલા માટે કે વિવિધ ગણેશ મંડળો દ્વારા અનેક પ્રકારની થીમ્સ પ્રદર્શિત કરાઈ છે. જેમાં ધાર્મિક મૈથોલોજીનો જ્ઞાન સંદેશ નિરૂપણ થયેલો છે. જે દાદ માગી લે તેવા આયોજનો લોકોમાં ભારે આકર્ષણ જમાવી રહ્યા છે.

વલસાડ જિલ્લામાં ચાલી રહેલ ગણેશ મહોત્સવ હવે પરંપરાગત નથી રહ્યો. વિવિધ થીમ પ્રદર્શિત થઈ છે. સનાતન ધર્મની વિરાસતનું નિરુપણ થયું છે. સાથે સાથે આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલોજીની ઝલક ગણેશ મંડળો દ્વારા રજૂ કરાઈ છે. ક્યાંક રામાયણના વિવિધ પ્રસંગો ગુંથીને આબેહુબ રજૂ કરાયા છે. સ્વાસ્થ્ય, ધાર્મિક સંદેશ સાથે વિસરાતી મૈથોલોજીને આજના ઝેન-જીએ જીવંત બનાવી છે તે જમા પાસુ છે. ક્યાંક સ્વર્ગ-નરક થીમ છે તો ક્યાંક મમતાના વાત્સલ્ય સાથે માતા પાર્વતીની ગોદમાં બાળ ગણેશજી દર્શાવાયા છે. સંતો-મહાત્માઓ જલારામ બાપાના સ્વરૂપમાં ગણેશજી ગણેશ મહોત્સવમાં દર્શન આપી રહ્યા છે. ક્યાંક ભયાનક હોરર સીનનો સિનારીયો દર્શાવાયો છે. વર્તમાન ગણેશ મહોત્સવ અનેક રીતે યાદગાર બની રહે છે. વિવિધ નજરાણા રજૂ થયા છે. વર્તમાન યુવા પેઢી સહિત સમાજ માટે આ એક ધાર્મિક આયોજનથી કેટલાક કદમ આગળ ચાલી રહ્યો છે. વિવિધ થીમ આધારિત ગણેશ મહોત્સવો સંખ્યા એક-બે પાંચ નહી પણ સેંકડોમાં છે. સમય કાઢી વિવિધ આયોજનના પ્રત્યક્ષ દર્શન કરવા એ મોટો લ્હાવો નિશંક બની રહેશે.